R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

તંત્રીઓ : અશ્વિન માલદે ❋ શાંતિ રાંભિયા ❋ ચંદ્રકાન્ત નંદુ

VOL.64 ISSUE NO. 6 - SEPTEMBER 2021 - 52 PAGES - RS. 15/-




Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 2371 4674 / 2377 3032 Email : ksevasamaj@gmail.com




WE NAVIGATE
YOUR FINANCIAL ADVENTURE
& ENSURE YOU
A SMOOTH JOURNEY OF LIFE
FROM WHERE YOU ARE
TO WHERE YOU WANT TO BE

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
PRIVATE LIMITED
With you, For you, Always...

Registered Office:
**Gada & Haria Pvt Ltd**
(formerly known as Gada & Haria Financial Planners Pvt Ltd)
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

| CA Dilip Haria | CA, CFP Rajesh Gada | CA Vipul Bheda | Vikas Vira |
|---|---|---|---|
| Village: Bada | Village: Bada | Village: Samaghoga | Village:Nagalpur |
| 98202 96135 | 98676 23250 | 98202 22750 | 98205 20268 |
| dhharia@gmail.com | rajesh@gadaharia.com | vipul@gadaharia.com | vikas@gadaharia.com |

# પગદંડી

સ્પટેમ્બર ૨૦૨૧


## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
| --- | --- | --- |
| તંત્રી સ્થાનેથી | | |
| સમાજ, સંસ્થાઓ અને પ્રવૃત્તિઓ | ............................................ | ૫ |
| પ્રતિભાવ - પ્રતિસાદ | | |
| સેવા સમાજની પ્રવૃત્તિઓ | મુલચંદ હીરજી મારૂ .................. | ૯ |
| From Challenges to Cheers | નવીન રાંભીયા ........................ | ૯ |
| હવે ટ્રેન આવવી જોઈએ................................. | ગુલાબ દેઢિયા........................... | ૧૧ |
| જા તુજકો સુખી સંસાર મિલે............................ | CA સંજય વિસનજી છેડા.............. | ૧૪ |
| દેરાસરોમાં જર - ઝવેરાત............................... | કુલીનકાંત લુઠિયા .................... | ૧૭ |
| ચાલો નાટક નાટક રમીએ ............................. | વિસનજી જે. ધરોડ .................... | ૧૯ |
| નવલા વર્ષની પહેલી અંધારી રાત................. | જ્યોતિ મોતા ........................... | ૨૧ |
| તેજ ની કવિતામાં વાસ્તવવાદ......................... | વિશ્રામ એમ. ગઢવી ................... | ૨૬ |
| સાહિત્ય અમૃત ............................................ | આલેખન : ચંદ્રકાન્ત નંદુ ............. | ૩૧ |
| મને વારંવાર માથાનો દુઃખાવો (માઈગ્રેન) થાય છે - ભાગ ૩ ''લક્ષણો''.......... | ડૉ. મણિલાલ ગડા....................... ડૉ. દીપ્તિ શાહ (ગડા)................. | ૩૫ |
| લગ્નોત્સવ હવે ફૅશનોત્સવ બની ગયો છે........... | હેમા વીરા ................................ | ૩૮ |
| Digitizing Your Important Personal Documents...... | Adv. Vishal K Soni .................. | ૪૦ |
| જીવનની કરુણતા .......................................... | કાંતીલાલ રતનશી ગંગર.............. | ૪૨ |
| વાતછે મારી - તારી આપણી........................... | નવીન રાંભિયા.......................... | ૪૩ |
| ઉર્મિલલહર.................................................. | સંપાદન : વિશન નાગડા.............. | ૪૪ |
| ઘટમાળ...................................................... | ............................................... | ૪૭ |
| સાંત્વન...................................................... | ............................................... | ૪૮ |



**પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**



Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati bapat Marg, Lower Parel, Mumbai -400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

"આજે લગ્નમાં શું જમવાનું હશે ?"
એ ઉત્સુકતાનો અંત આવે
જ્યારે મહેમાન
ગાલા કેટરર્સ નો ટેગ જોયે
"જે હશે બધુ ભાવતું જ હશે !"

અમે કાઠીયાવાડી, ગુજરાતી, કચ્છી, પંજાબી, સાઉથ ઈન્ડીયન તેમજ કોન્ટીનેન્ટલમાં
થાઈ, મેક્સીકન, ઈટાલીયન અને ચાયનીઝ, પ્યોર વેજેટેરીયન વાનગીઓ પિરસીએ છીએ.



આજકાલનો નવો ટ્રેન્ડ
ડેસ્ટીનેશન વેડિંગ
આપના પ્રસંગોને બનાવો યાદગાર.
૨૦૦ થી ૨૫૦૦ કેપેસીટીના ભારતનાં કોઇપણ સ્થળે
હોટેલ, રિસોર્ટ, તથા ક્લબમાં સંગીત સંધ્યા,મહેંદી
રસમ, સમુર્તા, લગ્ન, રીસીપ્શન એરેંજ કરી,
વિવિધ વાનગી પિરસી પ્રસંગને યાદગાર બનાવશું

કાર્પોરેટર સેમીનાર,
એક્ઝીબીશન માટે
૧૦,૦૦૦ થી વધુ મેહમાનોને
કેટરીંગ સર્વિસ આપવા સક્ષમ
Some of our Corporate Clients:
RELIANCE INDUSTRIES LTD, PARLE AGRO PVT.LTD
THE PHOENIX MILLS LTD., ACHARYA PRODUCTS
CAMBRIDGE SHIRTS, GODAVARI PAINTS MAYKA GROUP,
JUST IN TIME, GANGAR EYENATION ETC.



Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

પ્રવીણ ગાલા :
9892183338

૫, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રેલ્વે), મુંબઈ-૧૯. ફોન: ૨૪૦૨ ૫૩૧૬, ૨૪૦૧ ૩૫૨૭
E: galacaterers@gmail.com, ksevasamaj@gmail.com • W: www.galacaterers.in
Google

અતુલ ગાલા : 9322221205 • રાજેશ ગાલા : 9820032010 • નિમેશ ગાલા : 9322226085
રોહિત ગાલા : 9820099251 • ચિરાગ ગાલા : 9702029280 • જયમેશ છેડા : 9819818170

colorspac.com

# તંત્રીસ્થાનેથી

## સમાજ, સંસ્થાઓ અને પ્રવૃત્તિઓ

આપણા ક.વી.ઓ. સમાજની વસતિ મુખ્યત્વે મુંબઈમાં વસે છે. આપણી અંદાજિત વસતિ બે લાખની ગણીએ, તો મુંબઈની કુલ વસતિનો લગભગ ૧ ટકા જેટલી થાય. પરંતુ તેમ છતાં મુંબઈમાં ક્યાંય પણ ક.વી.ઓ.નું નામ પૂરી અદબથી લેવાય છે. કોઈ પણ સમાજ એના જ્ઞાતિજનો માટે કરતો હશે એનાથી અનેક ગણી વધુ પ્રવૃત્તિ આપણા સમાજમાં આપણા જ્ઞાતિજન માટે થાય છે અને પ્રવૃત્તિ પણ કેવી ? જે તમે વિચારી શકો એ બધી.

આ અપ્રતિમ પ્રવૃત્તિઓ માટે કારણભૂત છે આપણી સંસ્થાઓ તથા કાર્યકરોની દૂરંદેશી અને સંસ્થાઓ પણ કેટલી. ધાર્મિક, સામાજિક, ગામ વાર, લતાવાર, મહિલામંડળો, કુળદેવીનાં મંડળો, ફળિયાની સંસ્થાઓ, યુવા સંસ્થાઓ અને છેલ્લે કેન્દ્રીય સંસ્થાઓ. સંસ્થાની સંખ્યા અને સમાજની વસતિની ગણતરી કદાચ કોઈ લઈ જાય તો **Guinness Book of Record** માં આપણા સમાજનું નામ આવવાની પૂરી શક્યતા રહે છે. ''ગણ્યા ગણાય નહીં વિણ્યા વિણાય નહીં તોય મારા સમાજમાં માય.''

મોટા ભાગની સંસ્થાઓ લોકશાહી ઢબે ચાલતી હોય છે. લોકપ્રતિનિધિત્વથી ચાલતી હોય છે. બંધારણ હોય છે. સભ્યપદ હોય છે અને ચૂંટણીઓ પણ સમયેસમયે થતી રહે છે. સમાજનો આમઆદમી એ સંસ્થાનો હિસ્સો બની શકે છે, કાર્યકર બની શકે છે અને પ્રમુખ પણ બની શકે છે. પરંતુ હાલ એમાં બદલાવ જોવા મળી રહ્યો છે. હવે મંડળ બનવાને બદલે ટ્રસ્ટો બની રહ્યાં છે. અથવા તો સભ્યપદ ફી સામાન્યજનને ન પરવડે એવી કરવામાં આવી રહી છે. આનાં કારણો ઘણાં હોઈ શકે. કદાચ સંસ્થાના સંચાલન માટેનું વર્તુળ મર્યાદિત રાખવાનું. કદાચ અનુદાન માટે સમાજમાં ટહેલ નાખવાની અનિચ્છા. કદાચ સવાલના જવાબ ન આપવાની, કોઈને પણ Answerable ન રહેવાની મનેચ્છા, અને

કદાચ સમાજના સમૃદ્ધ વર્ગનું સામાજિક સંસ્થામાં કાર્યરત થવું અને હાલમાં તો જે સંસ્થા સર્વે રીતે લોકશાહી પ્રણાલીને વરી હોય એમાં પણ ચૂંટણી નિવારવાની પ્રક્રિયા હાથ ધરાય છે અને ચૂંટણી નિવારવાનાં સર્વે પ્રકારનાં દબાણ થતાં હોવાનું પણ સાંભળવા મળે છે. આપણી સંસ્થાઓનો પાયો સભ્યો છે અને જ્યારે આ સભ્યો પાસેથી પોતાના પ્રતિનિધિ ચૂંટવાનો અધિકાર છીનવાઈ જાય ત્યારે લોકશાહીનો ઉપહાસ થતો જણાય છે. કદાચ અમુક વિશિષ્ટ સંજોગોમાં એ જરૂરી હોઈ શકે પરંતુ ખર્ચ અથવા વૈમનસ્ય, કડવાશ વિનાકારણે ચૂંટણી નિવારવી યોગ્ય નથી. આમાં જેને ઉમેદવારી પાછી ખેંચવી પડી હોય એમની મનોદશા વિચારી જો જો.

આગળ જણાવ્યા પ્રમાણે સમાજમાં સંસ્થાઓની ભરમાર છે, પરંતુ પ્રવૃત્તિઓ એમની એ જ છે. અને એટલે પ્રવૃત્તિઓમાં હરીફાઈનું તત્ત્વ ઉમેરાતું જાય છે. અને હરીફાઈમાં સામાજિક સંસ્થાની પ્રવૃત્તિના સંચાલનનું વ્યાપારીકરણ થઈ રહ્યું હોય એવું લાગી રહ્યું છે. સંસ્થાનું સંચાલન Professional ઢબે થાય અથવા વ્યાપારી રીતે થાય એમાં મોટો ફરક હોય છે.

પ્રોજેક્ટો, ઉજવણી, આયોજનો મોટા પાયા પર થઈ રહ્યાં છે. પ્રવૃત્તિઓનું માર્કેટિંગ વ્યાવસાયિક રીતે થઈ રહ્યું છે. નાનીનાની પ્રવૃત્તિઓ માટે, નાનીનાની સિદ્ધિ માટે વિસ્તૃત જાહેરખબરો આપવામાં આવે છે. બે પાનાંની વિસ્તૃત જાહેરાતો સામાન્ય બાબત બની રહી છે. ધાર્મિક અનુષ્ઠાનોની જાહેરાતો અને મૂંગા ઢોર માટેની ટહેલનું પ્રમાણ આમાં વધુ છે. પ્રવૃત્તિઓનો ઝોક પ્રસિદ્ધિતરફી બની રહ્યો છે. અનુકંપા, ઋજુતા, Empathy, સરળતા,વગેરેને બદલે પ્રસિદ્ધિ, milage, સંસ્થાનો ફાયદો તથા અનુદાન આપનારની વાહવાહ પર વધારે ધ્યાન કેન્દ્રિત થતું હોય એવું જણાય છે. એક કોઈ ઉજવણીના ખર્ચમાં ભૂતકાળમાં આખા વર્ષની પ્રવૃત્તિ ચાલતી હોય એવા દૃષ્ટાંતો હાજર હશે. ખર્ચની કોઈ મર્યાદા નથી. પહેલાંની પ્રવૃત્તિઓ સમાજના એવા વર્ગ માટે થતી હતી, જે વર્ગ આપણો પોતાનો જ એક હિસ્સો હોય અથવા અભિન્ન અંગ હોય. પરંતુ હાલ આપનાર અને લેનાર વચ્ચેનું અંતર વધતું જાય છે. પહેલાં કહેવાતું કે આપણો માણસ હાથ લંબાવતા અચકાય પરંતુ હવે એ શરમ તૂટતી જાય છે અને એનું કારણ આપનાર અને લેનાર વચ્ચેની દૂરી, ફાસલો હવે આપણો જરૂરિયાતમંદ વર્ગ રાહત લેવામાં, રાહત માંગવામાં અચકાતો નથી. સંસ્થાઓ અને અનુદાન આપનાર માટે રાહત માગવાવાળા વર્ગની જરૂરિયાત હોય છે. પરંતુ લાંબા ગાળે એની અસરો ખરાબ પડી શકે છે. સંજોગો સામે ઝઝૂમવાની ક્ષમતા ઓછી થતી જાય

છે. એનું અવલંબન રાહત પર વધતું જાય છે. પત્રિકા અભિનંદન અને શ્રદ્ધાંજલિની જાહેરાતોથી ભરેલી રહે છે. આવી જાહેરાતો જવલ્લેજ સ્વયંભૂ હોય છે.

આગળ જણાવ્યું એમ સમાજનો સમૃદ્ધ વર્ગ, શ્રીમંત વર્ગ કોઈ ને કોઈ સંસ્થામાં જોડાઈ રહ્યો છે. સમાજ માટે સારું છે, પરંતુ હવે એનું અનુદાન જે તે સંસ્થા પૂરતું સીમિત થતું જાય છે અને બૃહદ સમાજને કદાચ અનુદાનોની અછત સર્જાઈ રહી છે અથવા નજદીકના ભવિષ્યમાં સર્જાશે.

ક્યારેક સંસ્થા કોઈ એકાદ વ્યક્તિ પર વધુમાં વધુ મદાર રાખતી થઈ જાય છે. એ વ્યક્તિ પાસે સમય અને ઇચ્છાશક્તિ હોય અને વધુમાં વધુ પ્રવૃત્તિમય બની જાય છે અને જાણે સંસ્થાનો સર્વેસર્વા બની રહે છે. એ જે સમયનો ભોગ આપે છે એ આપણે આપી શક્તા નથી એમ વિચારી સભ્યો અલિપ્ત રહે છે અને આવી વ્યક્તિને એની અંગત ઈચ્છા, અંગત મંતવ્ય પ્રમાણે નિર્ણયો લેવાની તક મળે છે. આવી વ્યક્તિ જો યોગ્ય હોય, સક્ષમ હોય, સર્વેને સાથે લઈને ચાલનારી હોય તો એનાથી રૂડું શું, પરંતુ દરેક વખતે એવું હોતું નથી. સંસ્થાના મુરબ્બીઓ ક્યારેક ભીષ્મ પિતામહની માફક મૂક રહે છે.

ક્યારેક આવી વ્યક્તિ મોટા અનુદાન આપનારી પણ હોઈ શકે અને ક્યારેક આવા અનુદાનોની વાહવાહી પણ પ્રમાણભાનથી મુક્ત નથી હોતી. પ્રસિદ્ધિની અનિચ્છા ધરાવતા સામાજિક કાર્યકરો અને અનુદાન આપનારાઓ પણ હવે પ્રસિદ્ધિની અંદરખાનેથી ખેવના રાખતા હોય એવું ક્યારેક લાગે છે. પત્રિકામાં પ્રસિદ્ધિ બધાને ગમવા માંડી છે.

આગળ જણાવ્યું તેમ સંસ્થાઓ ગામવાર હોય, લતાવાર હોય કે કેન્દ્રીય હોય, ગામવાર અને લતાવાર સંસ્થાઓનું કાર્યક્ષેત્ર જે તે ગામ અથવા લતા પૂરતું સીમિત હોય છે. કેન્દ્રીય સંસ્થાઓ માટે ઘણી સંસ્થાઓ પ્રવૃત્તિ કેન્દ્રિત હોય છે અને એ પ્રવૃત્તિમાં જ કાર્ય કરે છે જેમ માટુંગા બોર્ડિંગ, ભાણબાઈ છાત્રાલય વ. વ. પરંતુ ઘણી સંસ્થાઓ કેન્દ્રીય રીતે સમસ્ત સમાજ માટે પોતાની રીતે પ્રવૃત્તિ ચલાવે છે અને બધાં ક્ષેત્રમાં કાર્યરત હોય છે આવી સંસ્થાઓમાં: (૧) શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન (૨) શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન (૩) શ્રી ક.વી.ઓ. સેવા સમાજ અને (૪) શ્રી ક.વી.ઓ. જૈન મહાજન સાયન મુખ્યત્વે છે.

ભલે બધી સંસ્થાઓ બધી પ્રવૃત્તિમાં કાર્યરત હોય, પણ અમુક પ્રવૃત્તિઓ એ જે તે સંસ્થા માટે ખાસ છે. એ એની ઓળખ છે. એ પ્રવૃત્તિ એના માટે Flagship Project હોય છે. જેનું એણે વર્ષોથી જતન કરી સેવન કર્યું છે અને એ પ્રવૃત્તિ એ સંસ્થા કરી રહી હોય એમાં મહદઅંશે અન્ય સંસ્થા Involve થાય નહીં એવો વણલખ્યો નિયમ હોય છે.

| | |
|---|---|
| દેરાવાસી મહાજન પાસે | દેરાસરો, અતિથિગૃહો, ધર્મશાળાઓ છે. |
| સ્થાનકવાસી મહાજન પાસે | પણ આરોગ્યધામો છે. |
| બન્ને મહાજનોની સંયુક્ત | ખબરપત્રિકા છે. |
| ક.વી.ઓ. મહાજન (સાયન)ની | કોરોના કાળમાં સાધર્મિકો માટે<br>માસિક સહાય યોજના છે. |
| ક.વી.ઓ. સેવા સાજની | બુક બૅન્ક છે.<br>પગદંડી છે.<br>સંજીવની સ્વાસ્થ્ય યોજના છે. |

જે તે સંસ્થાની આવી પ્રવૃત્તિ છે તે સંસ્થા ઇચ્છે કે એમની આ પ્રવૃત્તિઓ એ સંસ્થાને ચલાવવા દેવામાં આવે અને અન્ય સંસ્થાઓ આ પ્રવૃત્તિમાં પૂરક બની સહકાર આપે. આવી પ્રવૃત્તિ અન્ય સંસ્થાને ચલાવતા કોઈ રોકી શકે નહીં, પરંતુ એવી જ અન્ય સંસ્થાની પ્રવૃત્તિ લાભાર્થીઓના મનમાં મૂંઝવણ પેદા કરી શકે અને એ લાભથી વંચિત રહી જાય એવી શક્યતા રહેલી છે.

ચાલો, સાથે મળીને સ્વસ્થ અને પ્રગતિશીલ સમાજ બનાવવામાં સહિયારો ફાળો આપીએ.

ચાલો, હરીફાઈ ન કરીને પૂરક બનીએ.

ચાલો, સંસ્થાઓને Professional Touch આપીએ.

ચાલો, સમાજના આમઆદમીને મુશ્કેલીઓનો સામનો કરવા સમર્થ બનાવીએ.

# પ્રતિભાવ - પ્રતિસાદ

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

### સેવા સમાજની પ્રવૃત્તિઓ

આપણા સમાજમાં જે જે સંસ્થાઓ મારફત વિવિધ ક્ષેત્રમાં સમાજને મદદરૂપ થવા જે લક્ષ્મી વપરાઈ રહેલ છે તે ખૂબ જ અનુમોદનીય છે. તેમાં પણ સેવા સમાજ દ્વારા ખૂબ જ ચોકસાઈથી, તબીબી, શૈક્ષણિક, રહેઠાણ, સ્ત્રી ઉત્કર્ષ જેવી પ્રવૃત્તિઓ થઈ રહી છે તે અભિનંદનને પાત્ર છે. ખાસ કરીને સેવા, સમાજના પ્રમુખ શ્રી ડૉ. મંજુલા વી. શાહ ૮૦ વર્ષની ઉંમરે પણ જે યુવાન જેવી ધગશતાથી સમાજનો જે સેવાઓ આપી રહ્યા છે તે અભિનંદનને પાત્ર છે. સમાજને તેમની સેવાઓનો લાભ લાંબા સમય સુધી મળતો રહે એ જ પ્રભુ પાસે પ્રાર્થના. પણ સમયર્નો અનુરૂપ લગ્ન, ધાર્મિક કે સામાજિક પ્રસંગો. સાદાઈથી ઊજવી ખોટા ખર્ચાઓ બંધ કરી, એ લક્ષ્મી, મહાલક્ષ્મી બની રહેશે. ખાસ કરીને હું સમાજના આગેવાનો, પૂ. ગુરુભગવંતોને વિનંતી કરું છું કે, સમાજને, શ્રાવકોને ખાસ આગ્રહ ભરી વિનંતી કરે ને પોતાનાથી દાખલો બેસાડે તો સમાજની મોટી સેવા થશે. એ જ

લિ. મુલચંદ હીરજી મારૂ
ગામ બીદડા. શિવરી
મો. ૮૯૨૮૦૪૨૭૯૦

### From Challenges to Cheers

પગદંડી એપ્રિલ ૨૦૨૧ના અંકમાં From Challenges to Cheers લેખ વાંચ્યો. ખૂબખૂબ સરસ લખ્યું છે. સિમ્પલ મનીષ નાગડા દ્વારા આવા પ્રભાવશાળી લખાણથી કેટલાકને લખાણ લખવાની પ્રેરણા મળે, અને જીવન જીવવાની આશા જન્મે. સિમ્પલ તમને ખૂબખૂબ અભિનંદન. પડકારોનો સામનો કરી અલૌકિક આનંદ મેળવવાનો પ્રયાસ એ જ જીવન જીવવાની કળા છે. નિરાશા ખંખેરીને મનુષ્ય શૂન્યમાંથી સર્જન કરે છે એ એની પ્રગતિ છે. ઉત્તર પ્રદેશની માન્યા સિંધ, તામિલનાડુની ૧૦૫ વર્ષની પપ્પમલ, અરૂનીઝં સિન્હા, લેફ્ટનંટ ઝંખના પાસડ, આ સર્વેના પ્રયાસ દ્વારા સિદ્ધિના શિખરે પહોંચે છે. ત્યારે જીવન જીવવાનો આનંદ કંઈક ઓર જ હોય છે.

વધુમાં જણાવવાનું કે પગદંડીના મે ૨૦૨૧ અંકમાં પૃષ્ઠ પાના પર મહેલનું ચિત્ર બહુ સુંદર છે. તે મહેલ ક્યાંનો છે એની જાણકારી આપી હોત તો વધારે સારુ થાત.

લિ. નવીન રાંભિયા,
વાંદરા (વે)
મો. ૯૮૬૯૩૮૩૫૦૩

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, કોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦ ૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

# હવે ટ્રેન આવવી જોઈએ

✻ ગુલાબ દેઢિયા ✻

નક્કી થયું કે જવું છે. બાકી બધું હવે થવાનું, પણ મન તો પ્રવાસે ઊપડી ગયું. એ ટ્રેનમાં ચડી બેઠું. મનને બારીવાળી બેઠક વગર ચેન કેમ પડે! પહોંચવાના સ્થળે પહોંચી ગયું. ફરીને પાછુંય આવી ગયું.

શાંત સરોવરમાં પડતી કાંકરી અને મનમાં વિસ્તરતાં ચિત્ર. બહારગામ જવાનો દિવસ તો આઘો છે. મન અત્યારથી જ ભાગલા પાડીને બધા વચ્ચે ઊભું છે. જવા આડે કેટલા દિવસ, કેટલા કલાક બાકી રહ્યા તેની ગણતરી મંડાય છે. બાકી રહેલા કામ ઉકેલવાનું સાથે ચાલે છે. પ્રવાસમાં શું કરવાનું છે તેની મથામણ પણ હમણાં જ ચાલે છે. વર્તમાન અને ભવિષ્યની થોડી સેળભેળ થઈ જાય છે. કામના પેટારા ખૂલતા જ જાય છે. મન વેગવંત બન્યું છે. પ્રવાસ મન માટે રન-વે બની રહે છે. મન જાગરણ માંડે છે. ઊંઘમાં પણ એ સામાન ગોઠવતું રહે છે. ટિકિટ સાથે લીધી કે નહિ તે તપાસી લે છે. બધું સમુંસૂતરું પાર પડશે કે નહિ, એવી નિશ્ચિતતા અને અનિશ્ચિતતાની સીડીનાં પગથિયાં ચડવા-ઊતરવાનું મનને ફાવે છે.

હું પ્લૅટફૉર્મ પર આવી ગયો છું. વખત કરતાં ઘણો વહેલો આવી ગયો છું. મોડું તો ચાલે જ નહિ, ત્રેવડ કરાવવી એ મનનો અફર નિયમ છે. ગાડીને આવવું હોય ત્યારે આવે. પ્લૅટફૉર્મ એ વડનો વિસામો છે. પ્લૅટફૉર્મ પર પગ મૂકતાં એક લાંબો ઉચ્છવાસ ધરપત રેલાવે છે. સામાન હેઠો મૂકું છું. એક-બે ઉપરાઉપરી શ્વાસ લઉં છું. સામાનનો ભાર ઊતરતાં હાથ મોકળાશ અનુભવે છે. ખભાના સાંધામાં અને આંગળા પર કળતરની ઝીણી સ્મૃતિ હજી છે.

બહારગામ જતી ટ્રેનનું પ્લૅટફૉર્મ સદાય આકર્ષે છે. પ્લૅટફૉર્મ જાણે ઘાટ છે ને પાટા એ સરિતા છે. ટ્રેન એ નાવ છે, પાટા વહેતા રહે છે. તરતી જતી નાવ જેવી ટ્રેન ઘણું સાથે લઈ જાય છે અને ઘણું છોડી જાય છે. ઘાટ પરનો કલશોર પણ વહેતો રહે છે.

ગાડીઓ આવે છે અને જાય છે. મારે જેમાં નથી ચડવું એ ગાડીને હું ખરા સાક્ષીભાવે જોઉં છું. બારી, પ્રવાસી, ભીડ, સામાન, ફેરિયા બધું જ દૂરથી સારું લાગે છે. લોકો ચડે છે, ઊતરે છે. એમની ક્રિયાઓ જોઉં છું. વળાવવા આવેલા કે તેડવા આવેલા સ્વજનો મને ગમે છે. એમના મનોભાવમાં લટાર મારું છું. ગતિ પકડતી ટ્રેન સાથે વળાવવા જનારના સ્નેહ સાથે મનોમન ઉતાવળે પગલે ચાલવાની ચેષ્ટા કરું છું.

મને સાંજની ટ્રેનમાં પ્રવાસ કરવાનું ગમે છે. અસ્તાચળે જતો સૂર્ય સાથેસાથે ચાલે છે. બારીએબારીએ વાત માંડે છે. સૂર્યોદય કે સૂર્યાસ્ત કોઈ પણ સ્થાનેથી માણવાની વેળા છે. ટ્રેનમાં સૂર્યાસ્ત જોતાં જુદી જ લાગણીઓ ઘેરી વળે છે. સાંજનું આકાશ રક્તમાં ભળી જાય છે. સાંજે કોઈ અજાણ્યા સ્ટેશને ટ્રેન થોભે છે. ઊતરી પડવાનું મન થાય છે. બધું જ અજાણ્યું છે. ત્યાં મન તો ઊતરી પડે છે.

અરે! હજી તો હું પ્લૅટફૉર્મ પર જ બેઠો છું. હું બેઠો છું, પણ મન તો ઊભું છે. વધુ વાર મને બેસવા નથી મળતું. ટ્રેનના આગમનની દિશા તરફ જોઉં છું. ડોક ઊંચી કરું છું. પગની પાની પર ઊંચો થાઉં છું. આવતી-જતી બીજી ટ્રેનો સમયસર છે. તેથી મનને ઠીક લાગે છે કે મારી ટ્રેન પણ વખતસર જ આવશે. હું તો એટલો વહેલો આવી ગયો છું કે અહીં બેસીને પત્રો લખું છું. આ પત્રોમાં પ્લૅટફૉર્મનો કોલાહલ આવી જાય છે. અક્ષરોના મરોડમાં પણ ટ્રેનનો ધબકાર છે. વાંચવાનો વ્યાયામ કરું છું. આંખો ફરી વળે છે. કંઈ વાંચી શકતો નથી. લીટીએ લીટીએ ટ્રેનનો રવ છે. અહીં તહીં નજર દોડાવું છું પ્લૅટફૉર્મની સામે ગુલમહોરનું વૃક્ષ ચૂપચાપ ઊભું છે. મને મારા છલકાઈ જતા વલવલાટ પર જરાક ભોંઠપ લાગે છે. ઉતાવળ અને ઉત્સાહની લખોટીઓ ભેગી થઈ જતાં આવું ક્યારેક થઈ જાય છે.

ગાડી તો એના સમયે આવવાની છે. એ સમજ રાહ જોનારને કોણ આપે? મન પ્લૅટફૉર્મ માપ્યા કરે છે. સ્વામી આનંદના શબ્દો સ્મરણે ચડે છે. 'વરસો વાટ જોઈ. અસંખ્ય સ્વજનો, મિત્રો, જીવલગ સાથીઓને વિદાય કર્યા. જિંદગી વસમી થઈ ગઈ. દુનિયાનો ઓદ્ધાર કરવાના લહાવા ઓરિયા બધા વિત્યા. બિસ્તર બાંધી ટિકિટ કપાવી વરસોથી પ્લૅટફૉર્મ પર બેસી રહ્યો છું, પણ મારી ગાડી જ કમબખત આવતી નથી.'

નાના સ્ટેશનનાં પ્લૅટફૉર્મ વધુ મોકળા લાગે છે. સરખા દેખાતા માનવીઓની જેમ પ્લૅટફૉર્મ પણ સરખા નથી હોતા. દરેક પ્લૅટફૉર્મની આગવી મુદ્રા છે. પોતાનો જુદો મિજાજ છે.

સમેતશિખરની યાત્રા પૂર્ણ કરી પારસનાથ સ્ટેશનના વિશાળ ખુલ્લા આકાશના છાપરાવાળા પ્લૅટફૉર્મ પર અમારો સંઘ પથરાયેલો પડ્યો હતો. થોડે દૂર પહાડ દેખાતા હતા અને હા, પાર્શ્વનાથ ભગવાનની ટૂક પણ દેખાતી હતી. મન માનવા તૈયાર નહોતું કે આટલી ઊંચાઈ પર અમે ગઈકાલે જ ગયા હતા. મન તો પ્લૅટફૉર્મથી સીધું શિખર પર આંટો મારી આવતું હતું. પહાડોની શોભા જોવામાં આંખો અટવાઈ ગઈ હતી. ઢળતી બપોરનો ખુશનુમા સમય હતો. મનમાં યાત્રા કર્યાની ધન્યતા મહેકતી હતી. પ્લૅટફૉર્મ અને પહાડની વચ્ચે દૃષ્ટિને કનડે એવું કંઈ નહોતું. મોકળાશ ગરવી લાગતી હતી.

અમારી બોગી આગળના સ્ટેશનોથી આવવાની હતી. ટ્રેન ત્રણ-ચાર મિનિટ

થોભવાની હતી. એક દરવાજેથી અમારો પૂરો પરિગ્રહપૂર્ણ સામાન અને બીજે દરવાજેથી અમારે ટ્રેનમાં પેસવાનું હતું. એ વિશાળ પ્લૅટફૉર્મ, સામે દેખાતા પહાડ અને વિખરાયેલો સામાન જોઈ મને કોણ જાણેકેમ પારસનાથ સ્ટેશનો દક્ષિણ આફ્રિકાનું મેરિત્સબર્ગ સ્ટેશનનું પ્લૅટફૉર્મ અને સામાન સાથે ઉતારી દીધેલા ગાંધીજી યાદ આવી ગયા. બંને પ્રસંગો કે સ્થળોમાં કોઈ સામ્ય નહોતું. પણ મનને કોણ સમજાવે? એ ક્યાં નિયમોને વશ વર્તે છે.

બધું સારી રીતે પાર પડી ગયું. સામાન અને અમે સરખેસરખી રીતે ઠલવાયા. મંદમંદ વરસાદ શરૂ થયો. દિવસ ધૂંધળો, છતાં પાર્શ્વનાથની ટૂક દેખાતી રહી.

બિહારના પારસનાથ સ્ટેશનના પ્લૅટફૉર્મ પર મારા મનને વગર ટિકિટે ઊભેલું ઘણી વાર જોઉ છું. એ પ્લૅટફૉર્મ ક્યારેક મને સપનામાં પણ મળવા આવે છે.

લાગે છે હવે તો ટ્રેન આવવી જ જોઈએ. પ્લૅટફૉર્મની હવામાં એનો અણસાર મળે છે. ફરીથી હું આ પ્લૅટફૉર્મ પર ઊતરીશ ત્યારે મને ઘણું નવું લાગશે.

નદીના ઘાટ પર અને પ્લૅટફૉર્મના બાંકડે બેઠા એટલું પુણ્ય.

મો. ૯૮૨૦૬૧૧૮૫૨


# મુલચંદ લાલજી એન્ડ કું.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co । **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

# જા તુજકો સુખી સંસાર મિલે

CA સંજય વિસનજી છેડા

પિતા-પુત્રીના સંબંધ વિષે ઘણું લખાયું છે અને છતાં જ્યારે પણ કંઈ નવું લખાય. એકદમ તરોતાજા લાગે અને એટલે જ આજે આ વિષય પર હિન્દી, ગુજરાતી ફિલ્મી ગીતોમાંથી કેટલાંક ફૂલ ચૂંટી એક ગુલદસ્તો બનાવવાની ઈચ્છા થઈ આવી.

જન્મતાંની સાથે જ જેને પારકી થાપણ કહેવાઇ હોય એવી લક્ષ્મીનાં જન્મ, ઉછેર, લાલન, પાલન અને છેવટે એ લાડકીએ પોતાના સરનેમ અને સરનામું બન્ને બદલી કોઈ અન્ય ઘરની ગૃહલક્ષ્મી બનવાનો દેવોના યુગથી ચાલ્યો આવતો રિવાજ.

જનકની જાનકી હોય કે દ્રુપદની દ્રૌપદી, દરેક પિતાની લાડકીએ એક ઘરથી બીજા ઘરને બાંધવાનો આ શિરસ્તો નિભાવવો જ રહ્યો અને વળી એ પણ એટલી સહજતાથી, એટલી સરળતાથી જાણે સરિતાનું સાગરમાં ભળવું.

અને આવી જ લાગણીઓને રજૂ કરતું, દીકરીને પાંપણ ભીની ન કરવાની શિખામણ આપતું ગીત, પણ મર્મ એવો કે ભલભલા પાષાણ હૃદયના માણસની પણ પાંપણ ભીની થઈ જાય એવા ફિલ્મ **'પારકી થાપણ'** માં અવિનાશ વ્યાસના શબ્દો :

***બેની તારી માથે બાપનો હાથ હવે નહીં ફરશે,***
***રમતી તું જે ઘરમાં એની ભીંતે ભીંતો રડશે,***
***બેના રે. વિદાયની આ વસમી વેળા રોકે ના રોકાય,***
***દીકરી તો પારકી થાપણ કહેવાય.***

વિધિની કેવી વક્રતા કે જે ઘરે જાય ત્યાં પણ પારકી કહેવાય અને જ્યાં જન્મી ત્યાં પણ એવી પારકી કે એ ઘર, એ ગલીઓ, એ રસ્તા, બધું જ જાણે એક દિવસ, એક તારીખમાં એટલું પારકું થઈ જાય કે ફિલ્મ **'પ્રેમરોગ'** માં નરેન્દ્ર શર્માની કડીઓ મમળાવીએ તો ..

***યે ગલીયાં, યે ચોબારા,***
***યહાં આના ના દોબારા,***
***અબ હમ તો ભયે પરદેશી,***
***કે તેરા યહાં કોઈ નહીં.***

યુગોથી ચાલી આવતી આ પારકી થાપણની પરંપરા એ રીતે આખા પરિવારની ગળથૂથીમાં હોય કે જ્યારે દીકરી પૂછે કે....

***બાબુલ તેરે બગીયા કી, મૈં તો વો કલી હું રે,***
***છોડ તેરી બગીયા, મુઝે ઘર પિયા કા સજાના હૈ.***

અને ત્યારે **'દાતા'** ફિલ્મમાં ગીતકાર અંજાન પોતે જ લખેલા સવાલનો જવાબ પિતાના હોઠે મૂકે

***બેટી ઘર બાબુલ કે, કિસી ઔર કી અમાનત હૈ,***
***દસ્તૂર દુનિયા કા, હમ સબકો નિભાના હૈ.***

એક ઘરેથી બીજા ઘરે ઠરીઠામ થવા, પોતાનું સર્વસ્વ અપર્ણ કરી એ બીજા ઘરને સાચા અર્થમાં ઘર બનાવવા પાછળનો ત્યાગ કે જ્યાં જન્મ થયો એ ઘર, પરિવારને જાણે સદાનો માટે પારકું કહી દેવાની વિકટ જવાબદારી, એ સદ્ભાવનાને કવિ સમીરે ફિલ્મ ***'સાજન કા ઘર'*** માં આબેહૂબ વર્ણવી છે.

***બાબુલ દે દો દુઆ, આજ તો પ્યાર સે,***
***જા રહી દૂર મૈં, તેરે સંસાર સે.***

અને દીકરીની એ જ ભાવનાને રડતાંરડતાં પણ સમજતો, સ્વીકારતો પિતા, લગ્નમંડપના એક ખૂણે, એક દીવાલના ટેકે ઊભો રહી પોતાના કાળજાના કટકાને વિદાય આપે ત્યારે ફિલ્મ ***'જાની દુશ્મન'*** માં ગીતકાર વર્મા મલિકના શબ્દો કેટલું વેધક કહી જાય, પૂછી જાય કે....

***જીન નૈનો કી તું હૈ જ્યોતિ,***
***ઉન નૈનો સે બરસે મોતી,***
***દાવા નહીં હૈ, કોઈ જોર નહીં હૈ,***
***બેટી સદા હી પરાઈ હોતી.***

ધીરેધીરે ખાલી થઈ રહેલ લગ્નમંડપમાં છેલ્લો પરિવારના નજીકના વડીલ આવી પિતાના ખભે હાથ મૂકી ફિલ્મ ***'અનોખી રાત'*** ના ગીતકાર ઇંદિવરના શબ્દોથી હૈયાધરપત આપવાનો પ્રયાસ કરતાં કહે...

***બેટી તો હૈ ધન હી પરાયા,***
***પાસ અપને કોઈ કબ રખ પાયા,***
***ભારી કરના ના અપના જીયા,***
***તુમ્હારી બેટી રાજ કરેગી,***
***ખુશી ખુશી કરદો વિદા,***
***તુમ્હારી બેટી રાજ કરેગી ,***
***મહેલો કા રાજા મિલા,***
***કે રાની બેટી રાજ કરેગી.***

એક તરફ બાપના હૈયાની વેદના અને બીજી તરફ દીકરીના હૃદયની અસમંજસ. નવજીવનની આશ, નવા સાથી સાથેનાં શમણાં. પિયા અને પિતાનાં ઘર વચ્ચે લોલકની જેમ ડોલતું એનું હૈયું. જેને ફિલ્મ ***'બાબુલ'માં*** શકીલ બદાયુનીની કલમ વર્ણવે ત્યારે રચાય

***યાદ માયકેકી તનસે ભૂલાયે ચલી,***
***પ્રીત સાજનકી મનમેં બસાયે ચલી,***
***યાદ કર કે યે ઘર, રોઈ આંખે મગર,***
***મુસકુરાના પડા, આજ જાના પડા.***
***છોડ બાબુલ કા ઘર, મોહે પી કે નગર,***
***આજ જાના પડા.***

કન્યાવિદાય એટલે પિતા માટે અને પુત્રી માટે સૌથી મુશ્કેલ કામ અને એવા સમયે પુત્રી કહે છે આંગળી પકડીને તમે જ ચાલતા શીખવ્યું છે, તો હવે પિયરનો ઉંબરો ઓળંગતા પણ શીખવી દો. પિતા અને પુત્રી બન્ને જાણે છે. ચાલતા શીખવું અલગ વાત હતી અને આજે પોતાની લાડકીને પારકા ઘરે વિદાય કરવા માટે એની આંગળી પકડી ઘરનો ઉંબરો પાર કરાવવો કેટલું કઠિન છે. દોઢ ઇંચનો ઉંબરો પણ જાણે કોઈ ઊંચી અદશ્ય દીવાલ બની જાય એવી એ ક્ષણ અને એ સમયની પિતા અને પુત્રીની વેદનાના ગુલઝારસાહેબના શબ્દો ફિલ્મ ***'રાઝી'*** માં.

*ઊંગલી પકડ કે તુને ચલના શિખાયા ના,*
*દેહલીઝ ઊંચી હૈ યે, પાર કરા દે.*

દીકરીને હૈયે જેમ પિતાનું ઘર છોડવાનું દુઃખ હોય અને સામે પિયાના ઘરે નવજીવન શરૂ કરવાની આતુરતા હોય, બસ એમ જે પિતાને પણ દીકરીનું દાન, કન્યાદાન કરી વિદાય આપવાનું દુઃખ હોય તો સામે એનાં સુખ, સંપત્તિ, સમૃદ્ધિનાં શમણાં પણ હોય. પિતાની લાગણીઓને સમજવી હોય તો ફિલ્મ ***'નિલકમલ'***નું સાહિર લુધિયાનવીનું આ એક ગીત જ કાફી છે.

પિતાની એ જ દુઆ હોય કે પિયરની કદી યાદ પણ ન આવે એવો પ્રેમ, એવું સન્માન, એવી લાગણીઓ દીકરીને એના પિયાના ઘરે મળે. એક નાનકડી કળીને પોતાના બગીચામાં પૂરેપૂરા જતન સાથે ઉછેરી. હજી બાપના ખભા સુધી પહોંચે ત્યાં તો બાપના ખભે એની ડોલીની ઘડી આવી જાય.

*નાઝોસે તુજે પાલા મૈંને,*
*કલીંયો કી તરહ, ફૂલો કી તરહ,*
*બચપન મેં ઝૂલાયા હૈ તુઝકો,*
*બાંહોને મેરી ઝૂલો કી તરહ,*
*મેરે બાગ કી એ નાજુક ડાલી,*
*તુઝે હરપલ નઇ બહાર મિલે.*

પોતાના ઘરમાં જેને રાજકુમારીની જેમ ઉછેરી હોય, પાણી માંગે ત્યાં દૂધ આપવાના લાડ લડાવ્યા હોય, એ બાપને મન એની રાજકુમારીને, ખુશીઓનો તાજ મળે, એ જ એની એકમાત્ર ઈચ્છા હોય.

*જિસ ઘર સે બાંધે હૈ ભાગ તેરે,*
*ઊસ ઘર મેં સદા તેરા રાજ રહે,*
*હોઠો પે હંસી કી ધૂપ ખીલે,*
*માથે પે ખુશી કા તાજ રહે,*
*કભી જિસકી જ્યોત ના ફિક્કી,*
*તુઝે એસા રૂપ શૃંગાર મિલે.*

અને છેલ્લી કડીમાં સાહિરસાહેબની કેવી ઉચ્ચ ભાવના, કેટલી સુંદર શુભેચ્છા, કે જે ઘર સામે દીકરીના ઘરનું બારણું ખૂલતું હોય, એ ઘર પર પણ દુઃખનો પડછાયો ન પડે અને એ શબ્દોમાં રફીસાહેબે જે જાદુ રોપ્યો છે એને આંખ બંધ કરી, કાન પર હેડ ફોન લગાડી સાંભળી જોજો. જેને ઘરે દીકરી નામનો વહાલનો દરિયો ન છલકાયો હોય એવો બાપ પણ મોહમદ રફીની જેમ આ છેલ્લી કડીમાં ડૂસકાં ન ભરે, એ વાતમાં માલ જ નહીં.

*બીતે તેરે જીવનકી ઘડિયાં,*
*આરામ કી ઠંડી છાંવ મેં,*
*કાંટા ભી ન ચુભને પાયે કભી,*
*મેરી લાડલી તેરે પાંવમેં,*
*ઊસ દ્વારસે ભી દુખ દૂર રહે,*
*જિસ દ્વાર સે તેરા દ્વાર મિલે,*
*મૈ કે કી કભી ના યાદ આયે,*
*સસુરાલ મેં ઇતના પ્યાર મિલે,*
*બાબુલ કી દુઆએ લેતી જા,*
*જા તુજકો સુખી સંસાર મિલે.*

રતાડિયા ગણેશવાલા
મો. ૯૮૯૨૮૧૫૩૬૭

# દેરાસરોમાં જર - ઝવેરાત

❋ કુલીનકાંત લુઠિયા ❋

જૈન દેરાસરોમાં વાર-તહેવારે, પર્યુષણમાં, અઢાર અભિષેક, અનુષ્ઠાન, ધજા જેવા પ્રસંગોમાં, ધર્મોત્સવોમાં, અવારનવાર ભગવાનને આભૂષણો, હીરા, મોતી, સોનાનાં ઘરેણાં, ચાંદીનાં વાસણો વગેરે ધરવામાં આવે છે, અર્પણ કરવામાં આવે છે.

શહેરો મોટાં હોય કે નાનાં, ગામડાં હોય, ગ્રામ્ય વિસ્તાર હોય કે શહેરી વિસ્તાર, તીર્થસ્થળ હોય કે અન્ય પવિત્ર સ્થળ, સર્વત્ર જૈન ધર્મપ્રેમીઓ ઇષ્ટદેવની કૃપા પામવા, પોતાની મોંઘામાં મોંઘી વસ્તુ ચડાવવા તૈયાર થઈ જાય છે અને ખૂબ જ શ્રદ્ધાથી અર્પણ કરે છે.

શ્રદ્ધાળુ શ્રાવકો ખૂબ જ ઉમદા ભાવના અને શ્રદ્ધાથી નવાં આભૂષણો, રૂપિયા, સોના ચાંદીના સિક્કા વગેરે ભગવાનને અર્પણ કરે છે. પ્રભુજીને જૂનાં તથા નવાં આભૂષણોથી સુશોભિત કરવામાં આવે છે.

આ ''આભૂષણો'' સર્વે સ્થાનિક વહીવટ સંભાળતા ટ્રસ્ટીઓ, અધિકારીઓ, પૂજારી વગેરેને કાર્યક્રમના અંતે એ બધુંય સુપરત થાય છે. ઉજવણી બાદ તેઓ તિજોરીમાં / કબાટમાં જમા કરે છે. તેની નોંધ સાથે નવી આઇટમનું કદાચ હળવું ડીસ્ક્રિપ્શાન પણ નોંધાતુંય હશે.

કોઈ પણ પૂજન, તહેવાર, ઉત્સવ વગેરે પત્યા પછી, ભગવાનની મૂર્તિ પરથી તે ઉતારી, તેની નોંધ ટપકાવી, પાછાં તેને યથાસ્થાને મૂકવામાં આવે છે.

આજના કાળે વિશ્વાસે વહાણ વહેતા મૂકી દેવાનો સમય હવે રહ્યો નથી. વહીવટકર્તાઓ ''સો ટચના સોના'' હોવા છતાં, અન્યના ભરોસે સંઘની મિલકતોના સુરક્ષાચક્રમાં ક્યારેક અવળા પરિણામો આવી શકે છે.

વતનના નાના ગામડામાં વસતિ તૂટી જવાથી, ભેંકાર અને સુનકાર વાતાવરણમાં મંદિરો અનો સંઘની મિલકતોની દેખભાળ કરનારાની મતિ મરી જાય એવું પણ બને.

સંઘની મિલકતોની સુરક્ષા માટેનાં ઉચિત પગલાં સવેળાસર લેવા જોઇએ. વહીવટદારોની દેખભાળની અને સંભાળની નૈતિક જવાબદારી માટે સજાગ રહેવું એ અત્યંત જરૂરી છે.

આજના કળીયુગમાં અહેવાલો, કિસ્સાઓ, પ્રસંગો અખબારોમાં એવા છપાય છે કે કોઇક ગામમાં, કોઇક સ્થળે, કેટલાક ધર્મના પૂજારીએ, ટ્રસ્ટીએ કે અધિકારીએ એવા અસલી દાગીના બદલી, નકલી વસ્તુ તિજોરીમાં જમા કરાવી અને અસલી વસ્તુ લઈ છૂ થઇ જાય છે. તેઓ ચોરીછૂપીથી પડાવી લે છે.

સોના ચાંદીનાં ઝવેરાતના વૅલ્યૂઅર પણ એ આભૂષણોની કિંમત આંકવામાં મદદરૂપ બની શકે.

વાર્ષિક હિસાબોનું ઑડિટ કરતા ઑડિટર પણ વ્યસ્તતાને કારણે સંસ્થાના અધિકારીઓનાં સર્ટિફિકેટ લઇ, આવા રજિસ્ટર, નોંધણી પત્રક, સ્ટૉક બુક વગેરે પર નજર નાંખવાનું ટાળે છે.

હકીકતમાં ઇન્વેન્ટરીમાં જમા-ઉધાર પાસાં બરાબર જોવાની તેમની ડ્યૂટી છે, પણ સમયના અભાવે વિશ્વાસના ટેકે તેનો નજરઅંદાજ થાય છે, એટલે એ બધુંય ભગવાન ભરોસે રહે છે.

આવા સંજોગોમાં આપણાં ક.દ.ઓ. જૈન દેરાસરોમાં એક સ્પેશિયલ ઑડિટ થવું અત્યંત જરૂરી છે.

પ્રાયોગિક ધોરણે આપણાં પંચતીર્થી તેમ જ નાની પંચતીર્થીનાં દેરાસરનું આવું સોશિયલ ઑડિટ થવું જ જોઇએ એમ માનીએ છીએ. સાથેસાથે રૂા. ૧૦,૦૦૦/- થી વધુ કિંમતની બધીય આઈટમોનું વીડિયોકરણ પણ થાય તો સોનામાં સુગંધ ભળે.

ટ્રસ્ટી, પૂજારીના ફિંગરપ્રિન્ટ, પેન કાર્ડ, આધાર કાર્ડ, ફોટા તેમ જ C.C.T.V. કૅમેરા વગેરેની ગોઠવણ જેવાં આધુનિક પગલાં લેવાય છે કે કેમ તેની પણ નોંધ લેવી રહી.

હાલમાં તેમ જ ભૂતકાળના કોઇ પણ ટ્રસ્ટી મહાશયો પર લેશમાત્ર તસુભાર શંકા કુશંકા વિના, ફક્ત સમાજ અને ધર્મઉત્કષાર્થે આ પ્રક્રિયા અપનાવવા વિનંતી છે.

આથી પ્રચલિત પારદર્શિતા જળવાશે. એક કાયમી રૅકોર્ડ બધાય દેરાસરમાં સમાનતાના ધોરણે રજિસ્ટરમાં નોંધાશે. તેમાં વજન, મેટલનો પ્રકાર, ડિઝાઇનનું આછું વર્ણન વગેરે પણ નોંધાય.

આજે જ્યારે સર્વત્ર પ્રામાણિકતાનું બાષ્પીભવન થઇ રહ્યું છે, ત્યારે આપણા સમાજની મિલકત પણ સારી રીતે સચવાયેલી રહે અને તેને આંચ પણ ન આવે, તેની અગમચેતીરૂપે આ નવતર પ્રયોગ હાથ ધરવાની આ યોજના છે.

મો.: ૯૮૨૦૦ ૩૯૪૬૯

# ચાલો નાટક નાટક રમીએ

✻ વિસનજી જે. ધરોડ ✻

સ્થળ : ચિત્રગુપ્તનો દરબાર.

પાત્રો : ઈશ્વર (ભગવાન), ચિત્રગુપ્ત (લોકોનાં પાપ-પુણ્યનો હિસાબ રખનાર), યમદેવ, યમના અનુચર, ચિત્રગુપ્તના સેવકો, મૃત્યુલોકમાંથી મૃત્યુ પામીને આવેલા લોકો.

**નાટક શરૂ**

**ભગવાન સોનાના સિંહાસન પર બેઠા છે.**

ઈશ્વર : સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવે.

ચિત્રગુપ્ત : વિસનજી હાજિર હો.

યમરાજ વિસનજીને સાંકળોથી બાંધીને લાવે છે.

ઈશ્વર : (વિસનજીને) બોલો પૃથ્વી પર શું કામ કરતા હતા ?

વિસનજી : પ્રભુ હું પૃથ્વી પર બીલ્ડર હતો. બીલ્ડર જગતમાં મારું મોટું નામ છે.

ઈશ્વર : ત્યાં ધરતી પર પાપ વધારે કર્યાં કે પુણ્ય ?

વિસનજી : રામ...રામ.... રામ.... પાપ કોઈ કરતું હશે પ્રભુ ? મેં તો પુણ્યના કામ કર્યાં છે.

ઈશ્વર : વાહ ક્યા ખૂબ ! બોલો પુણ્યના શાં કામ કર્યાં ?

વિસનજી : મેં ઘણી બધી બિલ્ડિંગો બાંધી. લોકોને ઘર પૂરાં પાડ્યાં. લોકોને માથે છત આપી. ઠંડી, ગરમી, વરસાદથી તેમનું રક્ષણ કર્યું. લોકોની ખૂબ સેવા કરી છે.

ચિત્રગુપ્ત : કુરો, નાલાયક !

ઈશ્વર : (ચિત્રગુપ્તને) બોલો ચિત્રગુપ્તજી, તમારો ચોપડો શું કહે છે ? કેવાં કારનામાં કર્યાં છે વિસનજીએ પૃથ્વી પર ?

ચિત્રગુપ્ત : અહો પાપમ્...... અહો પાપમ્..... પ્રભુ બિલ્ડિંગો બાંધી એ વાત સાચી, પણ પુણ્ય ખિસ્સા જેવડાં ને પાપ કોથળા ભરીને.

ઈશ્વર : (ચિત્રગુપ્તને) અચ્છા ! પહેલા થોડાં પાપના સેમ્પલ કહી સંભળાવો.

ચિત્રગુપ્ત : પ્રભુ, આ બીલ્ડરે ગુંડાઓ રોકી જૂની ચાલીઓ ખાલી કરાવી. બિચારા ભાડૂઆતોને મારીમારીને ભગાડ્યા. મ્યુનિસિપાલિટીના ઑફિસરોને લાંચ આપી, દારૂની બૉટલ પિવડાવી, ૨૫ વર્ષ પણ ન પડે એવાં બિલ્ડિંગો જબરદસ્તી તોડાવી પાડી. તેમાં રહેનારા બિચારા રસ્તા પર આવી ગયા. પાંચ માળની મંજૂરી લીધી ને પંદર માળ ચડાવ્યા. ઉપરના દસ માળ અનધિકૃત બાંધી બિચારા ભલા-ભોળા લોકોને ફસાવ્યા. પાંચ-છ હજાર રૂપિયામાં બાંધકામ કરી ૨૫થી

થી ૩૦ હજાર રૂપિયે સ્ક્વેર ફીટ વેચી ધૂમ લૂંટ કરી. ૭૦૦ ફૂટના 2 BHK બનાવી હજાર અગિયારસો ફૂટના પૈસા લીધા. નાનાનાના બાથરૂમ જેવડા રૂમના 1 BHK બનાવ્યા.

પરમિશન મેળવવા ઑફિસરોને બિયર બારમાં લઈ ગયો. ત્યાં બારબાળાના ડાન્સ દેખાડ્યા.

ઈશ્વર : બસ.... બસ......ચિત્રગુપ્તજી! શું સજાને પાત્ર છે આ મહાનુભાવ.

ચિત્રગુપ્ત : પ્રભુ ! એમના માટે તો એક જ સ્થાન યોગ્ય છે, નરક. એકથી સાત નરક છે તમે કહો એ નરકમાં મોકલાવી દઉં.

વિસનજી : ના.... ના.... પ્રભુ! હું ખૂબ સારો માણસ છું. મારા ગુણોથી તમે અજાણ છો ! આ ચિત્રગુપ્તજીએ મારા અવગુણોનું વર્ણન કર્યું, પણ મારા ગુણો તમને ન બતાવ્યા.

ઈશ્વર : (વિસનજીને) અચ્છા !....... તો તમે જ બતાવો તમારા ગુણો.

વિસનજી : પ્રભુ ! મારા મૃત્યુ પછીની કચ્છી ખબર પત્રિકા જુઓ. બાવન પાનાંની પત્રિકામાં ૫૦ પાનાં તો ફક્ત મારા ફોટા અને ગુણોથી ભરેલાં છે. અહાહા...... અહાહા...... શું વખાણ કરેલાં છે મારા ! હું જીવતો હતો ત્યારે મને પણ ખબર નહોતી કે હું આટલો ગુણવાન છું ! તમારાં દિવ્ય ચક્ષુ અને દિવ્ય જ્ઞાનથી વાંચો એ પૃથ્વી પરની ખબર પત્રિકા.

મારા કુટુંબીઓ, મારા મિત્રો, વ્યાપારી બંધુઓ, બીલ્ડર મિત્રો, વિભિન્ન સંસ્થાઓના ટ્રસ્ટીઓ મંત્રીઓ, પ્રમુખો, મારા પરમ સ્નેહીઓ, ભાઈતુલ્ય, પિતાતુલ્ય, બધા તુલ્યોએ કરેલા વખાણ જુઓ પ્રભુ ! એ બધા તો ખોટા ન જ હોય પ્રભુ !

ઈશ્વર : (વિસનજીને) ખામોશ! તું મને ઈશ્વરને-ચિત્રગુપ્તજીને ખોટા કહે છે ?

ઈશ્વર : (ચિત્રગુપ્તજીને) : ચિત્રગુપ્તજી ! આ પત્રિકા શું છે અને શું છે એમાંની જાહેરાતો ?

ચિત્રગુપ્તઃ (ઈશ્વરને): પ્રભો! પૃથ્વી પરના આ વિસનજીનાં સગાં-વહાલાંઓ ઍડવરટાઈઝીંગ કંપનીના માલિકોને બોલાવે છે. તેમને પૈસા આપીને મસમોટી જાહેરાતો આપે છે. આ જાહેરાત કંપનીના માણસો, મૃત્યુ પામેલી વ્યક્તિને જિંદગીમાં ક્યારેય જોયા નથી, મળ્યા નથી! તેઓ પોતાની ડાયરીમાં ટપકાવેલાં અવતરણો પત્રિકામાં જાહેરાતમાં ચિપકાડી દે છે. આ વિસનજી બીલ્ડરના જે ગુણો લખ્યા છે એ ગુણો આ જનમમાં તો શું આગલા સાત જન્મમાં પણ નહોતા. બધું હવા-હવાઈ છે પ્રભુ ! અહો રૂપમ ! અહો ધ્વનિ ! એવી વાત છે પ્રભુ.

ઈશ્વર : (સેવકોને) લઈ જાઓ, નાખી દો નરકમાં એને ! સેવકો વિસનજી બીલ્ડર ને લઈ જાય છે.

**પડદો પડે છે.**

પત્રી - મલાડ, મો. ૯૩૨૦૮ ૪૮૮૪૫

# નવલા વર્ષની પહેલી અંધારી રાત...

જ્યોતિ મોતા

ઘુમક્કડી...! શું છે આ ઘુમક્કડી? થોડા શબ્દોમાં કહું તો ઘુમક્કડી એટલે અલગારી રખડપટ્ટી, રઝળપાટ! કોઈ પણ વધુ પ્લાન વગર સમયને મુઠ્ઠીમાં બાંધ્યા વગર નીકળી પડવું. જે કોઈ વાહન મળે, જ્યાં રહેવા મળે અને જે કંઈ પણ ખાવા મળે. તેમાં સંતોષ માની, ઓછામાં ઓછી સગવડે અને ઓછા માં ઓછા આર્થિક ખર્ચે ફરવું.... એના માટેનો આધુનિક શબ્દ છે ઘુમક્કડી. આ હિન્દી શબ્દ છે. ઘુમક્કડીમાં અનિશ્ચિતતાની સાથે અનેરો રોમાંચ પણ જોડાયેલો છે. પ્રકૃતિ પ્રેમીઓ અને સાહસવીરોને ઘુમક્કડી આહ્વાન કરે છે. ઘુમક્કડીનો શોખ આજે વિશ્વભરમાં જોર પકડી રહ્યો છે. આપણા મહાન ઘુમક્કડ રાહુલ સાંકૃત્યાયનથી લઈને આજના નીડર, સાહસી, મહિલા વિશ્વપ્રવાસી પ્રીતિ સેનગુપ્તા જેવા લોકોએ ઘુમક્કડીને નવા આયામો આપ્યા છે.

આવા જ એક ઘુમક્કડીમાં કૂદી પડવાનો મેં પણ નિર્ણય કર્યો. ઘુમક્કડી માટે સ્થાનો પસંદ કર્યાં - ગુજરાત, રાજસ્થાન, ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળ. સમય નક્કી કર્યો પુરું એક વર્ષ !

મારી યાત્રાની શરૂઆત આમ તો ૨૯ મે ૨૦૧૮થી શરૂ થઈ. ત્રણ તબક્કામાં વહેંચાયેલી આ યાત્રાનો બીજો તબક્કો જૈન કલ્યાણક ભૂમિ, અન્ય જૈન તીર્થ, ભગવાન બુદ્ધની ભૂમિ વચ્ચે આવતાં પર્યટક સ્થળો હતાં. સમેતશિખર સુધી આવ્યા બાદ કોલકાતાની મુલાકાતે આવવાનું કેમ રોકી શકું ? અને આ રીતે હું પહોંચી પશ્ચિમ બંગાળ!

પશ્ચિમ બંગાળની અંતર્ગત આવતાં અન્ય તીર્થ સ્થળો જે ટ્રાવેલ યાત્રામાં કે બીજી રીતે આવવું ખૂબ મુશ્કેલ હોવાથી પશ્ચિમ ભારતના જૈન યાત્રિકો અહીં સુધી નથી પહોંચતા. અરે ! મારું પણ ક્યાં નક્કી હતું કે હું પશ્ચિમ બંગાળ સુધી પહોંચી જઈશ. કોલકાતા આવ્યા બાદ બીજાં સ્થળો એ જવાનું નક્કી થયું. તો અહીં હું મારા પશ્ચિમ બંગાળનાં અવનવાં શહેરો અને જૈન તીર્થોની વાત કરીશ. મને વિશ્વાસ છે કે વાંચકગણને જરૂર ગમશે.

**પારસનાથ** રેલવે સ્ટેશન ટ્રેન આવતા ધમધમી ઊઠ્યું. થોડીક મિનિટોમાં પાછું શાંત. લાઉડ સ્પીકર કોઈ સ્ત્રી અથવા પુરુષના મીઠા રણકારથી ગુંજી ઊઠતો અને ફરી એ પણ શાંત થઈ જતો. નાનકડા સ્ટેશનનું પ્રતીક્ષાલય ન જાણે કોની પ્રતીક્ષામાં બેઠું હતું ? કદાચ મારા

જેવા એકલ મુસાફરની. ઈસુના નવા વર્ષની સવાર સમેતશિખર જૈન કલ્યાણક ભૂમિ પર સરસ વીતી અને હવે બીજી સવાર પશ્ચિમ બંગાળના મહાનગર કોલકાતામાં થવાની હતી. સમય બચાવવા આગલા દિવસે દેહરાદૂન હાવડા ટ્રેનની ટિકિટ તત્કાલમાં આરક્ષિત કરી લીધી હતી જે મને વહેલી સવારે ૭.૩૦ એ મારા ગંતવ્ય સ્થાને પહોંચાડવાની હતી.

મોડી રાત્રે મધુવનથી પારસનાથ જતા જંગલના રસ્તેથી કોઈ વાહન આવવા તૈયાર ન થાય એટલે મારે ત્યાંથી વહેલા નીકળવું પડ્યુ. થોડો સમય પારસનાથ રેલવે સ્ટેશનની બહાર ખાવાપીવામાં વિતાવ્યો. ટ્રેનનો સમય રાત્રે ૧૧.૩૦નો હતો. સામાનની ત્રણ બૉગ્સ સાથ બીજે ક્યાંય જવાય તેવું ક્યાં હતું? શિયાળાની સાંજ વહેલી અંધારામાં પરિવર્તિત થઇ રહી હતી. આખરે વહેલા સ્ટેશને પહોંચી પ્રતીક્ષાલયમાં બેસવા સિવાય કોઈ ઉપાય નહોતો.

હું સાત વાગ્યે સ્ટેશને પહોંચી ગઈ. પ્રતીક્ષાલય મુસાફરોથી ઊભરાતું હતું. જ્યારે પ્લૅટફૉર્મ પર જવલ્લે જ કોઈ મુસાફરો દેખાતા હતા. કારણ હતું વધતી જતી ઠંડી. અંદર જઈને બેસવા માટે જગ્યા શોધી. જાતજાતના અને ભાતભાતના મુસાફરો! બધાને પ્રતીક્ષા હતી પોતાના ગંતવ્ય સ્થાને લઈ જતી રેલગાડીની. પ્રતીક્ષાલયની દીવાલો સુંદર મધુબની ચિત્રકારીથી ચિત્રિત હતી.

વારંવાર વાગતું ભૂંગળું રાહગીરને સાવધ કરી દેતું. મુસાફરો સંદેશાઓને અનુસરી ખુશી સાથે ઊભા થતાં આગળ વધી જતાં. પ્રતીક્ષાનો અંત આવવાની ખુશીમાં મુસાફરો હળબળા-હટમાં કક્ષને ખાલી કરી જતા. એમની જગ્યા ફરી નવા આવનાર મુસાફરોથી ભરાઈ જતી. ફેરિયા, કૂલી અને ભૂંગળાના અવાજથી સ્ટેશન એક બજારમાં તબદિલ થઈ જતું ગરમ થયેલો માહોલ ફરી થોડી મિનિટોમાં કડકડતી ઠંડી રાતોમાં ઠૂંઠવાઈ જતો. શરીર, મન બંને જેકેટ-મફલર-ટોપીમાં જકડાઈને ચુપકીમાં સરી જતાં. ઉતાવળા મુસાફરો વારંવાર ગાડીનો સમય જોવા આગળ-પાછળ થતા હતા. ટ્રેન સમયથી જાણે વહેલી આવી જવાની ન હોય! તેમ પ્લૅટફૉર્મ નીચે લાંબી પટ્ટરીઓની બન્ને બાજુ વારંવાર જોઈ લેતા.

કેટલાક મુસાફરો મારી જેમ લાંબી પ્રતીક્ષામાં હોય તો પાટલી કે જમીન પર મસ્તીથી ઊંઘ ખેંચી લેતા. સતત વાગતા ભૂંગળાથી ખલેલ થતી. ઊંઘમાંથી કોઈક મુસાફર ડોકિયું બહાર કાઢી, સમય જોઈ ફરી રજાઈ-બ્લેન્કેટમાં ઢબૂરાઈ જતું. મારી પ્રતીક્ષાની પળો પણ લાંબી હતી. હજી ચાર કલાક ખેંચવાના હતા. ટ્રેનમાં બેસીને જ ઊંઘ ખેંચી લઈશ અને વહેલી સવારે પશ્ચિમ બંગાળ કોલકાતા પહોંચી જઈશ. એ વિચારે જ રોમાંચિત હતી. મારા વતન કચ્છના કેટલાક લોકો કોલકાતામાં રહેતા હતા એ ભાઈઓ

સાથે મારા ગુરુજીએ મારા રહેવા બાબત વાત કરી લીધી હતી એટલે થોડી નિશ્ચિંત પણ હતી. આવતી કાલનો આખો દિવસ કોલકાતા જોવા માટે મળી રહેશે એવું ધાર્યું હતું. 'ઘુમક્કડી દિલ સે' ટ્રાવેલ ગ્રુપના મારા મિત્ર કિશન બાહેતીજી જે કોલકાતા રહેતા હતા એમને પણ મેં મૅસેજ કરી દીધો હતો. આવતી કાલે હું કોલકાતા આવીશ, જૈન ધર્મશાળામાં રોકાઈશ અને સમય મળશે તો મળવાનું પણ ગોઠવીશું એ ચર્ચા કિશનજી સાથે થઈ ગઈ હતી. સમય પસાર કરવા મેં હવે મારા ભ્રમણયંત્રનો સહારો લીધો. ઘણા દિવસના ભેગા થઈ ગયેલા સંદેશાઓ જોયા, જવાબ આપ્યા અને ફોન પર વાત પણ કરી.

પણ આ તો શિયાળાની લાંબી, કાળી, ઠંડી રાત... આમ જલદી થોડી પસાર થાય? એકલ મહિલાને આમ લાંબા સમયથી બેઠેલ જોઈ ઘણા સહયાત્રીઓને કુતૂહલ પણ થયા કરતું. મારા પછી આવેલ મુસાફરો પણ એક પ્રશ્નભરી નજર છોડી પોતાની ગાડી આવતા નીકળી જતા. ત્રણ બૅગ્સની આસપાસ જેકેટ અને સાલમાં જાતને સંકોચીને હું ઓટલા પર બેઠી હતી. ટ્રેનરાણીના આગમનથી સૂચના-પટલ વારવાર ગુંજી ઊઠતું... બા મુલાહીજા...! સાવધાન...! ''હાવડા કી ઓર... ટ્રેન નંબર.. પ્લૅટફૉર્મ નંબર..પર આ રહી હૈ.'' હોશિયાર! દરેક સાવધ મુસાફર પોતાના ગંતવ્ય સ્થાને જવા તૈયાર થઈ બહાર નીકળી જતા. હું શાંતિથી મારી ટ્રેનની પ્રતીક્ષા કરી રહી હતી. દસ વાગ્યે મારી ટ્રેનનું અનાઉંસિંગ થયું. ''દહેરાદૂન સે હાવડા કી ઓર જાનેવાલી ટ્રેન નંબર.... દૂન એક્સપ્રેસ એક ઘંટા દેરી સે ચલ રહી હૈ...'' મતલબ ૧૧.૩૦ ના હવે ૧૨.૩૦ થશે!

એક સહયાત્રીએ પૂછી પણ લીધું, ''આપ કો કહાઁ જાના હૈ? અકેલી હૈં આપ? યહાં કબ તક અકેલે બૈઠેંગી....? બ્લાહ બ્લાહ બ્લાહ.... આવા સમયે સંયોગોને પારખી ટૂંકો જવાબ આપી ચૂપ થઈ જવું અથવા ઉપેક્ષા કરવી નહીં તો અવનવા સવાલો અને સલાહોનો મારો વરસતો રહે. આ યાત્રીને ખબર હતી હું ક્યારથી એકલી મારી મસ્તીમાં અહીં બેઠી છું. ૧૧ વાગ્યે એની ટ્રેનનું ભૂંગળું વાગતાં મને સલામ કરી એ ચાલી ગયો. પ્રતીક્ષાલયમાં હવે હું અને બે-ચાર મુસાફરો. બસ....! હું મારા સામાન સાથે બેદરકારીથી એકાદ જપકી પણ લઈ શકું તેમ નહોતી. ભૂંગળું પણ હવે શાંત હતું. મોડી રાત્રે ટ્રેનો પણ ઓછી થવા લાગી.

૧૧.૦૦ વાગે બીજી વાર અનાઉંસિંગ થયું મારી ટ્રેન અઢી કલાક મોડી ચાલી રહી છે. હવે કલાકેકલાકે મારી ટ્રેન લેટ ચાલી રહી છે તેનું અનાઉંસીંગ થતું રહ્યું. હું સમજી ગઈ હતી કે આ 'દૂન' ટ્રેને પોતાનો પરચો બતાવી દીધો છે. ભારતના કોઈ પણ સ્થાને જતી દૂન ટ્રેન ૧૦-૧૨ કલાક મોડી ન પડે તો એ દૂન

ટ્રેન શેની? પ્લૅટફૉર્મ પર વાગતું ભૂંગળું મને મારી ટ્રેનથી દૂર કરી રહ્યું હતું અને હું મૂંઝવણમાં મુકાતી ગઈ. વધતી જતી ઠંડી અને ખાલી થતું પ્રતીક્ષાલય મને થોડી ભયજનક સ્થિતિમાં મૂકી દેતાં. બે-ચાર મુસાફરો પણ અઢી વાગે એમની ટ્રેન આવતા જતા રહ્યા. સાથેસાથે ચિંતા વ્યક્ત કરી 'બહનજી, આપ યહાં કબ સે બૈઠી હૈ, આપકો કહાં જાના હૈ ?' જવાબ તો આપી દેતી, પણ અંદર કોલાહલ મચી જતો.

રાત્રી અને એકલતાનો કોઈ ફાયદો પણ ઉઠાવે એ વિચારમાત્રથી ભય લાગવા માંડ્યો. ૭-૮ ડિગ્રી નીચે ગયેલ તાપમાન હવે ૩-૪ ડિગ્રી સુધી નીચે ગયું હતું. ઠંડીથી અને સતત બેસી રહેવાથી શરીર થાકી ગયું હતું. આંખો વારંવાર ઘેરાઈ જતી. જરાક ઝોકું ખાઈ લઉં....એ વિચાર પણ ભય ભરેલો લાગતો હતો. કોઈ અભિનંદન આપી નીકળી ગયું તો કોઈની ઘૂરતી નજર સાવધ કરી દેતી.

મધ્યરાત્રી વીતી ચૂકી હતી અને પ્લૅટફૉર્મ પર આવતી ગાડીઓનો અને અનાઉંસિંગનો શોરગૂલ પણ બંધ થઈ ગયો. ખામોશીની એક એક પલ હવે ભારી. જઈ રહી હતી. પ્રતીક્ષાલયમાં અચાનક કોઈ માણસનું આવી અને ડોકિયું કરી, જતા રહેવું પણ ભયસૂચક લાગતું. તો વળી ખાલી પ્રતીક્ષાલય પણ વધુ જોખમી ભાસતું. આટલા નાનકડા સ્ટેશન પર સુરક્ષા કર્મચારીની આશા રાખવી પણ અસ્થાને હતી. આવા ભયની વચ્ચે હમણાં મારો કોઈ સાથી હોય તો એક જ.... મોબાઈલ.

ભૂંગળાનો અવાજ થતાં જ આશા બંધાતી... કે હવે તો ટ્રેન નજીક પહોંચી આવી હશે.... પણ 'સર્વ આશ નિરાશ.' નવલા વર્ષની પહેલી રાત આવી ભયાવહ હશે એવું તો વિચાર્યું જ નહોતું ! અડધી રાત્રી વીતી ગઈ. સ્વસ્થ મને ત્રીજો પહોર પણ પસાર કર્યો. ભળભાખળું થવા આવ્યું, પક્ષીઓનો કલરવ શરૂ થઈ ગયો. પરોઢ થઈ. થોડી વારે સૂર્યનારાયણ પણ રથ પર સવાર થઇને નીકળી પડ્યા પણ હું અહીં છેલ્લા કેટલાય કલાકોથી સ્થગિત ગઈ હતી. છેલ્લા દોઢ કલાકથી અનાઉંસિંગ પણ બંધ ! ટ્રેન નીકળી તો નથી ગઈ ? એવું કેમ બને ? મારી અધીરાઈ વધતી ગઈ. મારી ટ્રેનનો કોલકાતા પહોંચવાનો સમય થઈ ગયેલ. પણ હજી સુધી એ પારસનાથ રેલવે સ્ટેશન પર પણ નહોતી પહોંચી ! ટ્રેનનું લાઈવ સ્ટેટસ હજી અહીં પહોંચવા માટે એક કલાક બતાવી રહ્યું હતું.

તત્કાલ ટિકિટ કઢાવી દેનાર સમીરભાઈએ ના પાડવા છતાં મેં આ ટ્રેનની ટિકિટ કઢાવી. બીજી ટ્રેનો મોડી રાત્રે ઊપડતી હતી તો કોઈક મોડી કોલકાતા પહોંચાડતી હતી. મારો આખો દિવસ ટ્રેનમાં ટૂટસે એવું લાગવાથી મેં આ ટ્રેનની ટિકિટ લીધી. બીજી ટ્રેનો તો મધ્યરાત્રીએ નીકળી પણ ગઈ અને કોલકતાની  નજદીક પણ પહોંચી ગઈ હશે ! જ્યારે મારી ટ્રેન

કોલકતા પહોંચવાનો સમય થઈ ગયો હોવા છતાં પારસનાથ રેલવે સ્ટેશન પર પહોંચવાનો પત્તો ન હતો. મારી અધીરાઈ અને ડર હવે વધી ગયાં. છેલ્લી ક્ષણે અનાઉન્સ થાય અને પ્લૅટફૉર્મ બદલવું પડે તો મારી શું વલે થશે ? ત્યાં તો અચાનક કાને શબ્દો પડ્યા : ''પ્લૅટફૉર્મ નંબર તીન પર હાવડા કી ઓર જાનેવાલી દહેરાદૂન હાવડા એક્સ્પ્રેસ આ રહી હૈ.''

એક કલાક દૂર બતાવતી ટ્રેન પ્લૅટફૉર્મ પર આવી રહી છે ! આટલા ટૂંકા સમયમાં ત્રણ બેગ્સ સાથે ત્રણ નંબર પ્લૅટફૉર્મ પર કેવી રીતે પહોંચીશ? આખા શરીરે ભયની લહેરખીઓ દોડી ગઈ. હું સામાન લઈ હાંફળીફાંફળી બહાર દોડી. સૂમસામ સ્ટેશન પર કોઈ કૂલી કે મદદગાર ન દેખાયો. ફટાફટ બે બૅગ્સ લઈ ફ્લાયઓવર ચડી ને બૅગ્સ મુકી, ત્રીજી બૅગ લેવા નીચે દોડતી ઊતરી, લઈ ને સીધી પ્લૅટફૉર્મ નંબર ત્રણ પર મૂકી પાછી ઉપર... બે બેગ્સ લઈ નીચે આવી. ત્યાં સુધીમાં તો ટ્રેન પ્લૅટફૉર્મ પર આવી ગઈ હતી! મારો કોચ કેમ શોધવો ? ઓનલાઈન કોચ જોવાનો સમય પણ નહોતો. ચાલતી ટ્રેનમાં કોચ શોધતી સામાનને ઢસડતી માંડમાંડ મારા કોચ સુધી પહોંચી. ટ્રેન ઊપડવાની સીટી વાગી અને હું હજી પ્લૅટફૉર્મ પર ...! એક દરવાજેથી સામાન અંદર ફેંક્યો. બીજે દરવાજેથી ચાલતી ટ્રેનમાં ચડી! હાશ! જય હો ભારત! જય હો દૂન ટ્રેન! બાર કલાકના ઇંતજાર પછી, આઠ કલાક મોડી ચાલતી ટ્રેનને મેં પકડી તો પાડી! વાહ રે! રેલવે સુવિધાઓ અને સમય સારણી! મેં મારા હાથે જ પગે કુહાડો મારેલો તો દર્દ ભોગવવું રહ્યું.

હજી તો સીટ પર સેટ થઈ શરીરને લંબાવું ત્યાં તો મારો ફોન રણકી ઉઠ્યો : ''જ્યોતિબહન! કોલકાતા મેં આપકા સ્વાગત હૈ! ગુડ મોર્નિંગ! કહા પહોંચી?''

''હે ભગવાન! કિશનભૈયા, જરા ટ્રેન કા લાઈવ સ્ટેટ્સ દેખીયે''

''ધત તેરી કી....! આપ તો અભી પારસનાથ રેલવેસ્ટેશન સે નીકલી હો ? અજીબ હૈ.... મુજે તો લગા થા કિ હમ સુબહ કી ચાય સાથ પીયેંગે... અબ તો કર લો બાત...! આપ તો દોપહર તક ભી આને સે રહી! ખૈર! મૈં આપકે કૉન્ટેક્ટ મેં રહેતા હું. હાવડા પહુંચો તબ બતા દેના. કુછ જાનના-પૂછના હો તો ભી બતા દેના. કોઈ દિક્કત હો તો મૈં ગાઈડ કર દુંગા. સામ કો મિલતેં હૈ કૉફી પે....!''

''ઠીક હૈ કિશનભાઈ. હાવડા પહોંચને કે બાદ ફોન કરુંગી. અબ આપ કામ પર જાને કે લિયે ઊઠ જાઈએ ઔર મૈં સો જાતી હું. રાતભર નીંદ નહીં હુઇ ન...!''

(ક્રમશઃ)

મો.: ૯૯૩૦૫૦૮૪૦૭

# 'તેજ'ની કવિતામાં વાસ્તવવાદ

✲ વિશ્રામ એમ. ગઢવી ✲

કચ્છ એ શેષ ભારતથી અનેક સંદર્ભોમાં અલગ ભાત પાડતો એક જિલ્લો માત્ર નહીં, પરંતુ એક ભાતીગળ પ્રદેશ છે. આ પ્રદેશની ખાસ ઓળખ તેની માતૃભાષા કચ્છી છે જે વિશ્વભરમાં પથરાયેલ કચ્છીઓને એકતાંતણે બાંધવાનું ભાવનાત્મક સામર્થ્ય ધરાવે છે. આ કચ્છી ભાષા સાહિત્ય સર્જનની વાત આવે એટલે મહાત્મા મોકણ સૌથી પહેલા યાદ આવે. ત્યાર બાદ નજર પડે એટલે દૂરનો અને મહત્ત્વનો પડાવ એટલે કવિવર દુલેરાય કારાણીયુગ અને કારાણીની હાજરીમાં જ જેમની કાવ્યબાની પ્રગટી-મહોરી-પાંગરી એવા કચ્છ નલિયાના કવિ તેજપાલ ધારશી નાગડા (શાહ) જેઓ હમણાં જ તા. ૧૮.૦૪.૨૧ના ક્ષર દેહને છોડીને અક્ષરત્વને પામ્યા. તેજનું જીવન-કવન એ કચ્છી ભાષા સાહિત્યનો મહત્ત્વનો પડાવ બની રહ્યું. એમના કવનનો કાળખંડ અનેક સંદર્ભે ઈતિહાસ બની રહેવાનો છે. કવિ તેજનું સર્જન કચ્છી ભાષાનાં તત્ત્વ-સત્ત્વ અને મહત્ત્વને સિદ્ધ કરે છે.

૪૦ જેટલાં પુસ્તકોમાં પથરાયેલ તેજનું સમગ્ર સર્જન કચ્છની પ્રકૃતિ અને ભૂગોળ જેટલું જ વૈવિધ્ય ધરાવે છે. કચ્છની ધરતીની વેદના અને સંવેદનાનો ધબકાર તેજવાણીમાં સંભળાયા વિના રહે નહીં કચ્છ-કચ્છીયત-કચ્છની ભૂગોળ, પર્યાવરણ -પ્રકૃતિ અને ગ્રામ્ય લોકજીવન એ તેજના સર્જનનાં પાયામાં હતાં. પ્રકૃતિપ્રેમથી રસાયેલું અને કસાયેલું તેમનું સર્જન કચ્છના સીમાડાની તળપદી વનસ્પતિ જેવું છે. જેમાં સીમ-શેઢાનું લીલું ઘાસ, ખેતરનો મોલ, બળદો અને ખેડૂ, સીમમાં ચરતો ઝીણો-મોટો માલ અને માલધારી-વોંકડા-નદીઓ-જીવ જનાવર અને જંગલના જીવ, તેજને સૌથી વહાલાં પંખીઓ ટહુક્યાં કરે. વાત માત્ર પ્રકૃતિ પ્રેમથી અટકતી નથી પણ કચ્છની પ્રકૃતિ અને પર્યાવરણનું હીર અને નૂર તેમનાં સર્જનોમાં સાંગોપાંગ અને હાડોહાડ ઊતર્યું હતું. કચ્છના પર્યાવરણ–પ્રકૃતિ અને લોકજીવનનું તળપદું અને વાસ્તવ દર્શન કવિ 'તેજ'નું સર્જન કરાવી જાય છે.

કવિનું જીવન અલગારી હતું. સંસાર-સાગરમાં રહીને પણ જલકમલવત્ રહેવાનું કૌશલ્ય શીખી લીધું હોય તેવું તેમના કવનમાં આબાદ ઝીલાયા વગર રહે નહીં. પત્નીવિયોગ પછી કવિતા જ તેમની પ્રિયતમા બની. કવિએ પોતાના જીવનનાં સઢ અને સુકાન ફેરવ્યાં અને કચ્છી કવિતાએ 'તેજ' પાસેથી પોતાનું કામ કરાવી લીધું.

સ્પષ્ટવક્તા તેજને ઢાંકી-લપેટી-વીંટીને વાત

કરવાની આદત નહોતી. સરળતા અને નિખાલસતાથી ઓપતા વ્યક્તિત્વમાંથી સમાજ અને ધર્મની વ્યવસ્થાઓ પ્રત્યેનો નિપજતો આક્રોશ તેમનાં સર્જનોમાં ડોકાય છે. ધર્મના નામે દંભ અને ડોળ વાસ્તવદર્શી કવિને લગીરે પસંદ નથી....તો કહેવાતા ભદ્ર અને સભ્ય સમાજની ખોખલી વ્યવસ્થાઓ - માન્યતાઓના તેઓ ધારદાર કલમના એક જ ઝાટકે છોતરાં ઊડાડી દે છે.

કવિ તેજનું સર્જન પાસાદાર કોહિનૂર હીરા જેવું છે. વિપુલ સર્જનનાં અનેક તેજસ્વી પાસાં છે. જે તમામ પોતાની રીતે અલાયદી સ્વતંત્ર દાદ માંગી લે છે. કાવ્યનાં પ્રસ્થાપિત ધોરણોની એરણ પર તેમના કાવ્યને ચડાવી શકાય નહીં કારણકે કચ્છી કવિતાનું આ એક નૈસર્ગિક ઝરણું છે. વહેતા ઝરણાના કંઈ નકશા ન હોય! 'તેજશાહી' સર્જનની મૌલિકતાને માપી ન શકાય, એ તો માણવાનો વિષય છે.

'તેજ' જીવતરની વાસ્તવ ધરાતલના સર્જક છે અને સર્જકપણાનો સહેજ પણ ભાર રાખ્યો નથી... કવિને જ્યાંજ્યાં પણ અસહજતા લાગી છે ત્યાં તેમને અપસુખ થયું છે. પ્રકૃતિના ઉપાસક કવિને સનાતન સત્યો અને પ્રાકૃતિક ધર્મમાં જ આસ્થા છે. પર્યાવરણ પ્રત્યે બેદરકાર રહી પથ્થર-કોંક્રિટના તીર્થો ઊભાં કરતાં ધર્મઘેલા ભાવિકોને નિશાને લેતા કવિની કલમ કચ્છી બાનીમર્ંલિખે છે.

''સમજેઆ ન ઝાડકે ઊ ભુલા ભવ ચુકા;
વન ઉપવન નીરા તીરથ ભાકી પાયણ સુકા.''

વૃક્ષની મહત્તા અને ઐશ્વર્યને ન સમજી શકનાર વ્યક્તિ કવિના મતે ભવ ભૂલે છે. વૃક્ષોની લીલપને હૈયાનાં વારિ સીંચનાર કવિને મન વન-ઉપવન જ લીલાછમ તીર્થ છે... બાકી ઊભાં કરેલાં તીર્થ કવિને મન સૂકા પથ્થર માત્ર છે. પ્રકૃતિને જફા પહોંચાડી પથ્થરોને શણગારતા કહેવાતા ધાર્મિકો પ્રત્યેનો પુણ્યપ્રકોપ કવિ આમ છતો કરે છે.

''ભગવાન જે સ્વરૂપ કે પાં સમજી ન સગ્યાસીં,
પાયણ સિણગારે વિઠાસીં પ્રકૃતિજી પાડ કઢી!''

માળા હાથમાં લઈ ધાર્મિક હોવાનો ડોળ કરતાં દંભી ભક્તોને અડફેટે લેતાં કવિ લખે છે...

''થીરતા ધારા તેજ ચેં મારા ખઈ ન ખઈ,
મણકા ફિરેં હિકડે કુરા મન ફિરેતો બઈ!''

અહીં ગુજ કવિ અખો સહેજે યાદ આવે.... તિલક કરતાં ત્રેપન વહ્યાં ને જપમાળાનાં નાકાં ગયાં.... માળાના મણકાની વિરુદ્ધ દિશામાં મન ભટકયા કરે છે. સ્થિરતા ન આવી તો માળા હાથમાં લીધી તોય શું! કવિ મન્સૂર કહે છે તેમ ''છોડ મસલ્લા, તોડ તસ્બી ડાલ કિતાબેં પાની મેં....''

સત્સંગનો ડોળ કરી કથાઓ સાંભળવા દોડાદોડી કરતાં લોકોને જોઈ કવિ ઉપદેશ આપવાનું ચૂકતા નથી... જીવનમૂલ્યો-નીતિ -ન્યાય, સચાઈના ધરાતલના મૂળભૂત સિદ્ધાંતોથી બાંધછોડ કરી આડંબર - દેખાડો કરતાં લોકોને કવિ કહે છે.....

''તંત તાણેને વિઠા ઐં સે અંતકે સમજે તય ખાસો.
કથા કે કુરો સમજધા 'તેજ' સંત કે સમજેં તય ખાસો.''

ને સમાજમાં કયાંક મમતીલા કથાકારો પણ હોય છે. જેમણે ધર્મકથાને કમાણીનું સાધન બનાવ્યું છે. 'પાંધોરો' માં કવિ આવા લાલચુ કથાકારો પર ચાબખા મારતાં લખે છેઃ-

''કથાકાર ઍડા રસભર બોલેં કથામેં,
જે સુણધલેં કે પાણી પાણી કરીએંતા;
કથાકારેં મેં ઈ એ હિકડી કલા આય 'તેજ'
કૅડી વાણી કે વિકણીને કમાણી કરીએંતા.''

ધાર્મિક નીતિમત્તાનાં ધોરણો અને મૂલ્યોને નેવે મૂકીને ધન પાછળ દોટ મૂકતા કથાકારો એ કલાકારો છે જે વાણીનો વેપાર કરે છે તેવું કવિ સાફ સુણાવીને... ધર્મને નામે ચાલતા વેપારની કડવી અને વાસ્તવિક સચ્ચાઈને શબ્દો ચોર્યા વગર કહે છે.

કવિની પારખું નજર પ્રકૃતિની જેમ સમાજજીવનમાં પણ વેધક રીતે અવલોકે છે. નિરીક્ષણ તો ઘણા કરે છે, પણ છડેચોક આ વાસ્તવિકતા શબ્દોમાં ઢાળવાની હિંમત કવિ 'તેજ' જ કરી શકે.

''જીવદ્યાજા પ્રેમી એડા પણ વેંતા
જે કુતા પારીએં ને કુકડ ખેંતા!'' (પાલર)

દંભી અને કહેવાતા જીવદયા-પ્રેમીઓની તો પોલ જ પાધરી કરી દીધી આ કવિએ! કૂતરા પાળીને કૂકડા ખાય તેમની જીવદયા વિશે શું કહેવું? તો ભક્તોની ફોજ ઊભી કરવાના લોભવાળા સાધુઓની સાધુતાની વાસ્તવિકતા કવિ કંઈક આ રીતે બયાન કરે છે.

''સંસારમેં સાંતિ નાય, સચ્ચી ગાલ,
ત પોય સાધુતામેં કિંતે સુખ આય?
સુખ મિલે પ કીં 'તેજ' જે સુંધે,
સાધુએંકે ભગતેંજી ભૂખ આય!'' (પાલર)

ભક્તો વધારવાની લાયમાં સાધુજનને સાધુતામાં પણ સુખ ક્યાંથી હોય? તો કહેવાતા ત્યાગીઓને હડફેટે લેતાં કવિની કલમ વધુ બેબાક બને છે (પાલર).

''જુકો પિંઢ કે સમજેંતા ત્યાગી જિજા,
સે અજ રૂપીએંજે તંતમેં પેઆ અંઈ
હાણે લગેતો એડોજે 'તેજ'ઇ,
પિંઢઈ પિંઢજે અંતમેં પેઆ અઇં!

ભક્તિને અંતરના ધરાતલ સાથે સંબંધ છે. મૂર્તિ એ તો ફક્ત બાહ્ય અવલંબન છે. 'લીયાર'માં કવિ આ કંસારી (વાંદો) જંતુનું ઉદાહરણ આપી સચ્ચાઈ પર પ્રકાશ પાડે છે. બાહ્ય આડંબરની ભક્તિથી કવિ આત્મા અકળાય છે.

'ભગતી 'તેજ' અંધર ભલી, મૂરતી પૂરતી નાંય,
ઇં ત કંસારી મિંધરમેં, નિત પૈ મૂછીયું ફિરાય!

કંસારી (વાંદો), જંતુ રોજ આખી રાત મૂર્તિની આસપાસ મૂછો ફેરવ્યા કરે છે તેનાથી તેને

કંઈ પ્રભુપ્રાપ્તિ થઈ જતી નથી. વિશુદ્ધ હૃદયના ઊંડાણની ભક્તિ વિના મૂર્તિ પાસે આવતા ભક્તો અને કંસારી જંતુમાં કવિને કોઈ ફરક જણાતો નથી!

પ્રકૃતિનો ઉપાસક કદી પણ વેવલી ભક્તિની ઘેલછાના પૂરમાં તણાતો નથી. તે પાયાનાં સત્યોની વધુ નજીક રહેવાના પ્રયત્નોમાં હોય છે. ગાડરિયો પ્રવાહ એને માફક આવતો નથી. ભક્તો પથ્થરની મૂર્તિને સોનાના શણગારો કરે છે... એ શણગારોમાં ભક્તિ કરતાં કવિને 'રાગ' વધુ જણાય છે... કચ્છના એક દહેરાસરમાં ચોરી થઈ. મૂર્તિઓનો શણગાર ચોરાઈ ગયો. ભાવિકોમાં દોડધામ મચી ગઈ. આ દૃશ્ય જોઈ કવિએ વાસ્તવ રાગ આલાપ્યો. એક ભાવિકે ભગવાનને ફરિયાદ કરી-

''પારસનાથ તૂં પધરો સે પિઠો ઐયેં હિત!
લૂંટારે ડેરો લૂંટેઓં તેર હોંય કિત ?''

ભાવિકનો સવાલ સાંભળી પારસનાથે જવાબ આપ્યો.

''મૂંકે સોનસેં સણગારે ચોરેં કે ડિનાં લાગ,!
ન કાં વીતરાગ કડેં લુંટજે ? લુંટાણું આંજો રાગ!''

કવિએ પારસનાથના મુખે લાજવાબ જવાબ અપાવ્યો..... મંદિરો-દહેરાસરોમાં થતી ચોરી પાછળની તથ્યસભર સચ્ચાઇને કવિએ બખૂબી રજૂ કરી.

ભાવ વગરના ભક્તો પર કવિની કલમ કટારી બનીને ત્રાટકી છે, જે ધર્મના બાહ્ય આચારોમાં રચ્યાપચ્યા રહે છે, પણ ખરે ટાણે કદી કામ આવતાં નથી.

''ભાવ વિગરજા ભગત, ઇ તાણેં કઢેં ટીલા,
છાલ મ પે કમ ઇનીમેં, વેં તા એડા અણખીલા!''

સાદા-સીધા- નિખાલસ અને સાલસ વ્યક્તિત્વના સ્વામી અને પ્રકૃતિના અડાબીડ પૂજારી 'તેજ' ને ધર્મના નામે ચાલતા દંભથી સખત વાંધો છે. વિદ્રોહ કરતાં એ અચકાતાં નથી. દાખલા-દલીલો ને રૂપકો સાથે પોતાની વાતને કવિ સિદ્ધ કરે છે. કવિ કહે છે કે દંભનું લાંબુ આયુષ્ય નથી થોરને ટેકે ઘાસ-પાંદડાનો ઊભો કરેલ કામચલાઊ છાંયો કેટલો ટકે ?

''છિલકીને છતા થીએં, આખર તાં ડંભી ,
'તેજ' છનોડ જલે કિતરો જેંકે થુંવરેંજી થંભી..''

કવિ 'તેજ' પોતે પારસનાથના સાચા પ્રેમી છે. ઈશ્વરના ઐશ્વર્યમાં તેમને ભારોભાર શ્રદ્ધા છે. પણ પ્રવર્તમાન સમાજમાં ધર્મના નામે કહેવાતી પ્રતિષ્ઠા ખાતર ચાલતાં દેખાડા અને દેખાદેખીની ઘેલછા સામે તેમનો આક્રોશ છાનો રહેતો નથી, કારણકે પ્રકૃતિની ઉપાસના અને અક્ષરની આરાધનાથી તેમને કશુંક લાધ્યું છે. ધર્મના નામે ચાલતાં નાચગાન-મુજરાથી પણ નારાજ થઈને કવિ લખે છેઃ-

ચાગમેં ને ચાગમેં રાગમેં રચેંતા
કાયાકે વેંઢારે કેડા માયાસેં મચેંતા;
ભગવાન ચેંતો હિની શ્રાવકેનું છુટાં કડેં ?
મૂંકે પણ સામે 'તેજ' ન્યાર કેડા નચેતા...

ધર્મસ્થાનોમાં ધર્મને નામે કવિને જે કંઇ ખૂંચે છે તે કવિ સોય ઝાટકીને કહે છે. એક ઘા ને બે કટકા કરે છે. મૂળે તો કવિ જીવનના પાયાનાં મૂલ્યો સત્ય -પ્રેમ-કરુણા-ભાવના અને જીવદયાના ઉપાસક છે. એક અછાંદસ રચના ('ઢીંચો' કાવ્યસંગ્રહ) માં તો કવિ, ચોખ્ખું ચણાક સુણાવી દે છે કે જો તમેં બનીઠનીને તમારાં દર્શન બીજાને કરાવવા મંદિરે જતાં હો તો મહેરબાની કરીને પરમાત્માનાં દર્શનનો દેખાડો કરવા મંદિરે જશો જ નહીં. ચોખ્ખી ને ચટ વાત, લપેટ-સપેટ કરીને-વાતને કવિતામાં ગૂંથવાનું કવિને ફાવતું નથી... કાવ્યાત્મક શાબ્દિક દંભ પણ કવિને પસંદ નથી. એમાં તેમનાં વ્યક્તિત્વનું પાસું ઉજાગર થાય છે. કવિનું મંદિર અને મૂર્તિઓ કયાં છે તે આ સતર અક્ષરમાં સમાઈ જાય છે:-

''ગરીભ ભૂંગો
મિંજ રાંક મૂર્તિયું
મિંધર ન ત !''

અહીં સહેજે આપણને કરશનદાસ માણેક યાદ આવી જાય.... ' તે' દી અશ્રુભીનાં રે મેં હરિનાં લોચનિયાં દીઠાં...' કવિની ધર્મ અને સમાજજીવનને જોવાની આગવી દૃષ્ટિ અને દૃષ્ટિકોણ છે. 'તેજ' ઊંડાણને સમજે છે, તાગે અને તાવે છે અને હળવાશથી કહી પણ જાણે છે. કવિ પોતીકી ફિલ્મસૂફીનો માલિક છે. સંગીતના જલસામાં વાગતાં ધમાલિયાં વાજિંત્રોના કોલાહલ વચ્ચે ગામને સીમાડે દૂર ટેકરી પર કૂણાકૂણા ઘાસ વચ્ચે સૂરજના કિરણોની સાક્ષીએ ધીમા પણ સુરીલા સ્વરે વાગતાં પાવાનાં સ્વર જેવો અલગારી સૂર છે કવિ 'તેજ'નો. તે ખરા ધાર્મિક અને મોજીલા માર્મિક છે.

કવિ તો બંહુ આયામી સર્જક છે. અહીં તો આપણે તેમનાં સર્જનમાં જીવનના વાસ્તવની ફિલસૂફીનું આચમન માત્ર કર્યું છે. તેમની કવિતા ભાવકને માત્ર કાવ્યાનંદ જ નહીં, પરંતુ ધર્મ અને સમાજ પ્રત્યેનો સમ્યક્ દૃષ્ટિકોણ પણ આપશે એ નિર્વિવાદ છે, પણ સદીઓથી ચાલ્યાં આવતાં સમાજનાં રીત-રિવાજો - ધર્મના નામે જલસાઓ અને ઉત્સવો... છીકરાં મનોરંજનો સામે કવિનો પુણ્યપ્રકોપ સામે આવ્યો છે. ધર્મના મૂળ સિદ્ધાંતોથી ભટકેલા સમાજને દિશા આપવાનો તેમનો ઈરાદો નેક છે. કવિના એક શેર સાથે વાતને અહીં વિરામ આપીએ જે ઘણુંઘણું કહીં જાય છે.

ધરમજો હી મિડે તાલ લશ્કરી આય
જેંમેં ધરમ જે મૂર નીયમજી ત મશ્કરી આય!

મહાતેજમાં વિલીન 'તેજ' કચ્છીયતને અજવાળવા ફરી એક આંટો જરૂર મારશો. વંદન સહ... તેજસ્વીનાડવધિ તમસ્તુ

મોટા લાયજા, કચ્છ
મો.:૯૮૭૯૧૧૬૬૨૭

# સાહિત્ય-અમૃત

**આલેખન : ચંદ્રકાન્ત નંદુ**

*સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે એ હેતુથી ટિપ્પણીઓ સાથે આપવામાં આવેલ છે.*

| | | |
|---|---|---|
| પુસ્તક | : | દેવોની ઘાટી |
| લેખક | : | ભોળાભાઈ પટેલ |
| પ્રકાશક | : | આર. આર. શેઠની કંપની - મુંબઈ/અમદાવાદ |
| પ્રકાશન વર્ષ | : | ૧૯૯૩ (બીજી આવૃત્તિ) - [૧૯૮૯ (પ્રથમ આવૃત્તિ)] |

ગોમ્મટેશ્વર - બાહુબલિ. હવે તો અહીંથી જવાનું છે. પણ મનમાં એ મૂર્તિ જડાઈ ગઈ છે. આકાશ જેનું છત્ર છે અને દિશાઓ જેની દીવાલો છે એવા ભવ્ય મંદિરમાં. નહીં, નહીં-ભવ્ય શબ્દ એનો સાચો ખ્યાલ ન આપી શકે - ગોમ્મટેશ્વરની અલૌકિક પાવનકારી મૂર્તિ, એનાં દૂરથી દર્શન થતાં જે પ્રસન્નતા છવાઈ જાય, એની આંખોમાં જોતાં જ શ્રદ્ધાથી નતમસ્તક થઈ જવાય. પણ હવે જવાનું છે, મનોચક્ષુમાં એ અલૌકિક પાવિત્ર્યને લઈને.

હવે હળેબીડ અને બેલુરનાં મંદિરો તરફ જઈશું. બાહુબલિના પાવનકારી સૌંદર્યે તો મંત્રમુગ્ધ કર્યા જ છે અને હવે બેલુરના સંમ્મોહનકારી શૃંગારિત સૌંદર્યની કલાને પેખવાની ઉત્કંઠા જાગી ઊઠી. ભારતીય વાસ્તુશિલ્પે રચેલી કલાસૃષ્ટિ અહીં ચોમેર છવાયેલી છે. ઘણું બધું ખંડિત થયેલું છે અહીં. પરંતુ આ ખંડિત અવશેષોમાંથી પણ કલાનું અદ્‌ભુત સૌંદર્ય તો પ્રકટી જ રહ્યું છે.

''બેલુર હળેબીડની કળા, રચનાવિધાનની દૃષ્ટિએ જરા જુદી છે. ખજૂરાહોનાં શિખરબંધી નગરશૈલીનાં મંદિરો અને ચિદમ્બરમ્ કે મીનાક્ષીનાં અનેક આડા મજલા ધરાવતાં ગોપુરમંડિત દ્રવિડ શૈલીનાં મંદિરોથી આ હોયસળ શૈલીનાં મંદિર જુદાં છે. હોયસળ રાજવીઓએ ૧૧મી થી ૧૩મી સદીમાં આ બંધાવેલાં એટલે હોયસળ અથવા બેસર શૈલીનાં આ મંદિર કહેવાય છે. એને ઊંચેઊંચે કળશમંડિત શિખરો નથી, આ તારકાકૃતિ બેઠા ઘાટનાં મંદિરો છે.''

સૌ આજે કર્ણાટકના હાસન જિલ્લામાં છે. અહીં આવતાં જ ઈતિહાસનાં પૃષ્ઠો એક પછી એક ખૂલતાં જાય છે. આઠસો વર્ષ પહેલાં અહીં કેવાં નગરો હતાં! આજે એમાંનું શું રહ્યું છે? કેવળ ઇતિહાસ અને અવશેષો. તે વખતે કર્ણાટકમાં શૈવ, વૈષ્ણવ અને જૈન ધર્મ અસ્તિત્વમાં હતા. એમની વચ્ચે સમભાવ અને સ્પર્ધા બન્ને સાથેસાથે ચાલતાં. એ સમયે રાજા વિષ્ણુવર્ધને ચેન્નકેશવનું વૈષ્ણવ મંદિર બંધાવેલું. રાજા વિષ્ણુવર્ધને હોયળેશ્વરનું મંદિર પણ બંધાવ્યું જે અપૂર્ણ જ રહ્યું. રાજા વિષ્ણુવર્ધનની પ્રેરણામૂર્તિ રાણી શાંતલા, જૈન હતી. એ પટ્ટમહાદેવી શાંતલા તરીકે પણ ઓળખાતી. કર્ણાટકના શિલાલેખોમાં જેનો 'લાવણ્યસિંધુ', 'સંગીતવિદ્યાસરસ્વતી', 'મૃદુમધુરવચનપ્રસન્ના' કે 'ગીતવાદ્ય-નૃત્ય સૂત્રધારા' તરીકે ઉલ્લેખ થયેલ છે એ રાણી શાંતલા બહુમુખી પ્રતિભા ધરાવતી. ખરેખર તો એ જ રાજ્ય ચલાવતી. પોતે જૈન હોવા છતાં શૈવ અને વૈષ્ણવ મંદિરોના નિર્માણમાં પ્રેરક હતી.

હોયસળ રાજવીઓનાં નગરો અને મહેલો આજે કેવળ ઈતિહાસનાં પૃષ્ઠો વચ્ચે સચવાયાં છે. હોયસળેશ્વર મંદિર અને આ સ્થળની જાળવણી અને પ્રવાસીઓની સુવિધાઓ આજે પ્રવાસન વિભાગની દેખરેખ હેઠળ છે. કર્ણાટકનો પ્રવાસન વિભાગ આવાં ઉપેક્ષિત સ્થાનોની યોગ્ય જાળવણી કરે છે.

હોયસળેશ્વર મંદિરના પ્રાંગણમાં જ ત્યાંના એક ભોમિયા (ગાઈડ) ભાસ્કરને મંદિરના વાસ્તુશિલ્પની ખૂબીઓથી વાકેફ કર્યા. આ મંદિરના બાંધકામની શરૂઆતને ૨૦૦ વર્ષ થયાં પણ એ અપૂર્ણ જ રહી ગયું છે. કાફુર અને અલ્લાઉદ્દીન જેવા મુસ્લિમોના આક્રમણને કારણે મંદિર અપૂર્ણ રહેલ છે. આ ધ્વસ્ત થયેલા શહેરને હળેબીડ કહે છે. હળેબીડ એટલે ડિસ્ટ્રોઈડ શહેર-ધ્વસ્ત શહેર, પણ અહીં તો ક્યારેય કોઈ શહેર હોવાનો અંશ પણ નથી દેખાતો.

મંદિરને પહેલા બહારથી જ જોઈ લેવાનું હતું અને ભાસ્કરને તરત કહ્યું - નીચેની એક પછી એક પટ્ટીઓ ઉપર તરફ કંદોરાની જેમ છે. સૌથી નીચે હાથીઓની હારમાળા–ગજથર. હાથી સ્થિરતાનું પ્રતીક છે. તેની ઉપર સિંહોની પટ્ટી એટલે વ્યાલથર, બળનું પ્રતીક. તેની ઉપર પત્રલતા એટલે લતાથર. પછી આવે અશ્વારોહીઓની હાર-અશ્વથર, ગતિનું પ્રતીક. ફરી લતાથર, પછી નરથર અને પછી મકરથર અને ઉપર હંસથર. મંદિરની નીચેની દીવાલો પર કેવી સુંદર ભાત રચાય છે !

અને મંદિરની આ દીવાલોના વચ્ચેના ભાગ પર આપણા પુરાતન પ્રસંગો, મહાભારત, રામાયણ, ભાગવતના પ્રસંગો, દેવદેવીઓનાં શિલ્પો, સમુદ્રમંથન, કિરાત-અર્જુન, વાલીવ-સુગ્રીવ યુદ્ધ, અભિમન્યુવધ, શરશૈય્યા પર સૂતેલા ભીષ્મ પિતામહ વગેરે. આખું મંદિર પથ્થરનું અને શિલ્પોથી કંડારાયેલું. દરેક શિલ્પમાં જાણે ગતિ આરોપિત કરેલ છે. જાણે જીવંત છે આ શિલ્પો.

''સમુદ્રમંથનના શિલ્પમાં એક બાજુ દેવો, બીજી બાજુ દાનવો ને વચ્ચે કમઠ પર રવૈયાને સ્થાને મંદર પર્વત પર વાસુકીનું પ્રદીર્ઘ નેતરું. અભિમન્યુવધના દૃશ્યમાં ચક્રવ્યૂહ પણ કંડારાયો છે અને દોડતા અશ્વથી જોડાયેલા રથમાં શરસંધાન કરતો અભિમન્યુ છે અને શરશૈય્યા પર પડેલા ભીષ્મની શૈય્યાનાં તીર તો ગણી શકાય. હંસારુઢ બ્રહ્માનું શિલ્પ અને નૃત્ય કરતા શિવનાં તો કેટલાં બધાં શિલ્પ છે! ''.

હોયસળ કલાની એક લાક્ષણિકતા છે કે દરેક શિલ્પને ખૂબ અલંકૃત કરેલા કંડારિત કરાય છે. નૃત્ય કરતા જમણી બાજુએ સૂંઢવાળા ગણપતિને કેવા અલંકૃત કરાયા છે!

''ત્રિવિક્રમ શિલ્પમાં બલિના મસ્તકે પગ મૂકવા ઊંચકેલા વામનમાંથી વિરાટ બનેલા વિષ્ણુનો પગ - એ ઊંચો થતો જોઈ શકાય. આ બધાં શિલ્પોમાં સ્થિતિ અને ગતિ વચ્ચેની ક્ષણો પકડે છે શિલ્પીઓ; એટલે શિલ્પ ગતિવંત બની જાય છે. અહીંના ઘણા શિલ્પીઓએ પોતાનાં નામ પોતે કરેલ શિલ્પ નીચે કંડાર્યાં છે. બાકી અદ્‌ભુત કલાકૃત્તિ સરજી જનાર ભારતવર્ષના હજારો શિલ્પીઓ અનામ રહી આપણે માટે સૌંદર્યનો વારસો મૂકી ગયા છે.''

''આ દ્વિકુટ મંદિરમાં બે મંદિર છે. દરેકમાં નવરંગ મંડપ છે, જે અલંકૃત સ્તંભો પર અવસ્થિત છે. મંદિરની એક બાજુએ જાળીદાર દીવાલ છે, જેમાંથી અજવાળું પ્રવેશે છે. એક રીતે અંદરથી અંધારિયું ક્લોઝ મંદિર લાગે. બે મંદિરોમાં એકમાં તો અપૂજ શિવલિંગ છે, બીજું પૂજાય છે.''

હોયસળની રાજમુદ્રા છે વાઘને તલવારથી હણતો રાજવી. 'હોયસળ' એવા શબ્દો મુનિમુખેથી રાજવી તરફ ઉચ્ચારાતાં રાજવીએ વાઘ પર પ્રહાર કર્યો. અને વાઘ પર પ્રહાર કરતા રાજવીનું અંકન બની હોયસળ રાજમુદ્રા. રાજાનો એ વંશ કહેવાયો હોયસળવંશ. ઈતિહાસપ્રસિદ્ધ થયો આ રાજવંશ.

હા, મંદિરના આગળના ભાગમાં જે બે વિરાટ નંદીઓ છે એની વાત તો રહી ગઈ. ભારતનાં મંદિરોમાં જે સાત વિરાટ નંદીઓ છે એમાંના છઠ્ઠા અને સાતમા ક્રમે આવે છે હળેબીડના આ નંદીઓ.

ચાલો, હવે બેલુર. બેલુર હળેબીડથી બહુ દૂર નથી.

બેલુર એટલે ચેન્નકેશવ. ચેન્ન એટલે સુંદર. બેલુરના મંદિરની વિશેષતા છે એની મદનિકાઓની મૂર્તિઓ. મંદિરના પ્રવેશદ્વારે ગરુડનું શિલ્પ છે અને પછી આ મદનિકાઓની મૂર્તિઓ. આ મૂર્તિઓને 'બ્રેકેટ ફિગર્સ' કહે છે. આ મદનિકાઓ જ છે મંદિરનો પ્રાણ.

''અમે જોઈ શકતાં હતાં એ લયાન્વિત મૂર્તિઓની વિભિન્ન મુદ્રાઓમાંથી નીતરતું સૌન્દર્ય. આપણાંમાંના રોમાન્ટિકને બહાર લાવે છે આ મદનિકાઓની અદ્‌ભુત મૂર્તિઓ. કળાનું એ જ તો કામ છે. એને દર્પણસુંદરી કહું કે મોહિની? કે પછી પેલી ચિરપરિચિતા શાલભંજિકા! એ પવનની જેમ દુષ્પ્રાય છે. (વૈદિક કવિએ ઉર્વશીને મુખે આવું કહેવડાવ્યું છે!) રવિ ઠાકુરે એટલે ઉર્વશીને 'વિશ્વેર પ્રેયસી' કહી છે.''

આપણે મંદિરની બહારનું શિલ્પસૌંદર્ય જોયું અને હવે ચાલો મંદિરની અંદર....

''અને મંદિરની અંદરના નવમંડપ! એના અદ્‌ભુત કંડારાયેલા સ્તંભ! જાળીઓને લીધે બરાબર દેખાય નહિ, તે ખાસ ફી ભરી ફલડ લાઈટ કરાવી જોયા અને પછી ચેન્નકેશવ-સુંદર માધવનાં દર્શન! પણ માધવનાં દર્શનનો પ્રભાવ પડ્યો નહિ, પ્રભાવ રહી ગયો છે પેલી મદનિકાઓનો. જળપ્રવાહ જેવી લયાન્વિત દેહભંગીઓનો ! શું સુર કે શું સુંદરી ! શિલ્પીઓ દેહોત્સવનું મહાકાવ્ય અહીં રચી ગયા છે!''

ગોમ્મટેશ્વરની પાવિત્ર્ય નિમજ્જીત પ્રસન્નતા. એ વિરાટના હોઠ પર કોઈ વીતરાગીનું ઉદાર આછું સ્મિત! અને હોયળેશ્વર અને બેલુરનાં મંદિરોનું શૃંગારિત શિલ્પ! અને છતાં શિલ્પસાધના છે કેવળ સૌંદર્ય - શિલ્પ સૌંદર્ય! શિલ્પીઓના ટાંકણાઓમાંથી ઝરેલું સૌંદર્ય અહીં થીજી ગયું છે સમયના સામર્થ્યથી અલિપ્ત....

અને હવે પછી..... હમ્પીનું ખંડિત સૌંદર્ય !

ફોન: ૯૩૨૩૫૪૧૩૫૧

# મને વારંવાર માથાનો દુઃખાવો (માઈગ્રેન) થાય છે – ભાગ ૩ ''લક્ષણો''

ડૉ. મણિલાલ ગડા - ડૉ. દીપ્તિ શાહ (ગડા)

આગળના લેખ (ભાગ-૨)માં આપણે જાણ્યું કે માથાનો દુઃખાવો કેટલા સમયથી છે તથા દુઃખાવાની માત્રા કેટલી છે એના પરથી ક્લિનિકલી માથાના દુઃખાવાના નિદાન તથા સારવાર માટે નીચેના ત્રણ વિભાગમાં વર્ગીકરણ કરાય છે.

૧) તાજેતરનો/ટૂંકા સમયનો માથાનો દુઃખાવો (Acute) જેમાં શારીરિક તપાસ તથા ન્યુરોલૉજિકલ તપાસ બહુ જ અગત્યની છે.

૨) વચ્ચેના સમયના માથાના દુઃખાવામાં (Subacute) શારીરિક તપાસ જોડે મનની તપાસ કરવી મહત્ત્વનું છે.

૩) લાંબા સમયનો / વારંવાર થતા માથાના દુઃખાવામાં (Chronic / Frequent) મનની તપાસ બહુ જ મહત્ત્વની છે.

મનની તપાસ (Mental Status Examination) તથા વૈજ્ઞાનિક પદ્ધતિથી માથાના દુઃખાવાની નોંધ (Scientific Headache Diary) પરથી મનનાં આંતરિક પરિબળો તથા બ્રાહ્ય પરિબળો વારંવાર લાંબા ગાળાના દુઃખાવામાં શું અને કેટલો ભાગ ભજવે છે એ જાણી અને સમજી શકાય છે. સારવારમાં ખાસ કરીનો સાયકોથેરાપી (કાઉન્સેલિંગમાં) ખૂબ જ મદદરૂપ થાય છે તથા સારવારનાં અપેક્ષિત પરિણામો મળે છે. દર્દી ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે.

આ લેખમાં લાંબા સમયના /વારંવાર થતા માથાના દુઃખાવાના બે મુખ્ય પ્રકારનાં લક્ષણો વિષે જાણકારી મેળવીએ.

**૧) સ્નાયુઓના સંકોચાવાથી થતો માથાનો દુઃખાવો અથવા ટેન્શન હેડએક (Muscle Contraction Headache or Tension Headache):**

આ સર્વસામાન્ય માથાના દુઃખાવાની બીમારી છે. લાંબા ગાળાના / વારંવાર થતા માથાના દુઃખાવાના ૧૦૦ દરદીઓમાં ૭૦% **(બે તૃતીયાંશ) સ્નાયુઓના સંકોચાવાથી થતા માથાના દુઃખાવાના દર્દીઓ હોય છે.** જ્યારે બાકીના ૩૦ % (એક તૃતીયાંશ આધાશીશીના દર્દીઓ હોય છે એવો સર્વેક્ષણોનો રિપોર્ટ છે.

**લક્ષણો:**

૧) માથું ભારેભારે લાગે છે. માથા પર વજન હોય એમ લાગે છે.

૨) આખું માથું દુ:ખે છે, ભારે લાગે છે. ઘણી વખત દુ:ખાવો એક બાજુથી શરૂ થઈ બીજી બાજુ જાય છે.

૩) માથું ઝીણું ઝીણું દુ:ખે છે. માથાના દુ:ખાવાની તીવ્રતા પ્રમાણમાં ઓછી હોય છે. દુ:ખાવો સહન થઈ શકે છે.

૪) ઊલટી કે ઊબકાં આવતા નથી.

**અન્ય લક્ષણો:**

૫) શારીરિક નબળાઈ લાગે છે.

૬) શરીરના અન્ય સ્નાયુઓમાં/અન્ય ભાગમાં દુ:ખાવો થતો હોય છે. (છાતીમાં દુ:ખવું, પેટમાં દુ:ખવું, શરીરમાં કળતર વગેરે)

૭) ઊંઘમાં ખલેલ પહોંચે છે, સ્ફૂર્તિદાયક ઊંઘ આવતી નથી.

૮) નજીવા કારણથી રડવું આવે છે.

૯) રુટિન કામમાં ઉત્સાહ કે મન ઓછું હોય છે.

૧૦) સ્વભાવ ચીડિયો થઈ જાય છે. નજીવી બાબતમાં ગુસ્સો આવી જાય છે.

**વૈદ્યકીય તપાસ :**

શારીરિક તપાસ, લોહીની તપાસ, ઍક્સ-રે, સી.ટી. સ્કેન-હેડ, એમ.આર.આઈ. સ્કેન-હેડ, ઈ.ઈ,જી. બધું જ **નૉર્મલ હોય છે.**

**માનસિક પરિબળ:**

આ પ્રકારના દુ:ખાવા માટે માનસિક પરિબળ મુખ્ય કારણ હોય છે.

**૧) દર્દીનો ભાવનાત્મક, લાગણીશીલ સ્વભાવ**

**૨) બનતા નકારાત્મક પ્રસંગો અને**

**૩) નકારાત્મક પ્રતિભાવ અને પ્રતિક્રિયા મુખ્ય ભાગ ભજવે છે.**

૧) નિરાશાજનક પરિસ્થિતિનો સામનો કરવાના પૂરતા મનોબળનો અભાવ.

૨) નકારાત્મક પ્રતિક્રિયા.

૩) નિરાશાજનક લાગણીઓનો વ્યક્ત કરવાની અણઆવડત.

૪) અવ્યક્ત નકારાત્મક લાગણીઓને દાબી દેવાની માનસિક વૃત્તિ.

૫) વાસ્તવિકતા કરતાં વધારે પડતી અપેક્ષાઓ.

૬) અપેક્ષિત પરિણામ ન મળવું.

૭) ''ના'' પાડવા માટેના મનોબળનો અભાવ

ઉપરોક્ત એક કે તેનાથી વધારે પરિબળો માનસિક સ્ટ્રેસનું કારણ બને છે. આ સ્ટ્રેસને લીધે શરીરમાં ખાસ કરીને બ્રેઈનમાં ન્યુરોટ્રાન્સમીટર્સ તથા હોરમોન્સના ફેરફારો થાય છે. જેને લીધે માથાનો દુ:ખાવો થાય છે. તથા દુ:ખાવાનું પ્રમાણ વધી જાય છે.

## ૨) આધાશીશી-માઈગ્રેન (Migraine)

વારંવાર થતા / લાંબા ગાળાના માથાના દુ:ખાવાના ૧૦૦ દરદીઓમાં આધાશીશીના ફક્ત ૩૦% દરદીઓ જ હોય છે.

**લક્ષણો:**

૧) અડધું જ માથું દુ:ખે છે. આખું માથું જવલ્લે જ દુ:ખે છે.

૨) દુ:ખાવાની તીવ્રતા વધારે હોય છે.

૩) માથું હમણાં જ ફાટી જશે એવું લાગે છે.

૪) સાથે ઊબકાં આવે છે કે ઊલટી થાય છે.

૫) આંખોમાં અંધારા આવે છે કે પ્રકાશના ઝબકારા (Flashes of Light) આંખોમાં થાય છે.

૬) પ્રકાશ કે અવાજ આધાશીશીના હુમલા દરમ્યાન સહન થતા નથી.

૭) ઘણી વખત બે (ડબલ) દેખાય છે.

૮) અંધારા ઓરડામાં રહેવાનું મન થાય છે જેથી પ્રકાશ તથા અવાજથી દૂર રહી શકાય.

૯) માથાનો દુ:ખાવો એકથી ત્રણ દિવસમાં મટી જાય છે.

**અન્ય લક્ષણો:**

૧૦) બે દુ:ખાવાના સમયની વચ્ચે અન્ય લક્ષણો નહીંવતે હોય છે.

**માનસિક પરિબળ:**

સંશોધનો તથા કેસ સ્ટડી દ્વારા પુરવાર થયેલ છે કે આધાશીશી માટે પણ માનસિક સ્ટ્રેસ અગત્યનો ભાગ ભજવે છે. બનેલા કે ઘટિત પ્રસંગોનાં ઊર્જાતંત્ર /લાગણી (emotions) પર નકારાત્મક અસર તથા દર્દીનો નકારાત્મક પ્રતિભાવ અને નકારાત્મક પ્રતિક્રિયાને લીધે સ્ટ્રેસનું નિર્માણ થાય છે. આ સ્ટ્રેસને લીધે બ્રેઈનમાં ન્યુરોટ્રાન્સમીટર્સની માત્રામાં વધઘટ થાય છે, હોર્માનની પણ નકારાત્મક અસર શરીર પર થતાં આધાશીશીનો હુમલો આવે છે.

**માનસિક સ્ટ્રેસને લીધે**

૧) આધાશીશીના હુમલાઓ વધી જાય છે. (Frequency)

૨) માથાનો દુ:ખાવો વધારે તીવ્ર થાય છે. (Severity)

૩) દુ:ખાવાના રાહત માટે સારવારમાં અવરોધક બને છે.

**સારાંશ:**

૧) લાંબા ગાળાના /વારંવાર થતા માથાના દુ:ખાવામાં માનસિક સ્ટ્રેસ અગત્યનો ભાગ ભજવે છે.

૨) દર્દીની મનની વૈજ્ઞાનિક તપાસ તથા માથાના દુ:ખાવાની વૈજ્ઞાનિક નોંધ નિદાન માટે અત્યંત આવશ્યક છે.

(ક્રમશ:....)

ફોન : ૦૨૨ ૨૧૦૨ ૭૬૩૩

# લગ્નોત્સવ હવે ફૅશનોત્સવ બની ગયો છે

હેમા વીરા

લગ્ન એક એવો ઉત્સવ છે, જે સ્વર્ગમાં રચાય છે અને ધરતી પર ઊજવાય છે. આ ફૅશનેબલ દુનિયામાં લગ્ન વખતે છોકરા પક્ષવાળાની અપેક્ષાઓ સાંભળી છોકરીના પિતાની ઊંઘ ઊડી જાય છે ને સામે પક્ષની માંગણીઓ સંતોષવા કર્જામાં ડૂબી જાય છે. આ ફૅશનની દુનિયાએ આજે આપણાં સંસ્કાર અને સંસ્કૃતિને હચમચાવી દીધાં છે.

આપણા સમાજમાં જો આજના યુગમાં ફૅશન જોવી હોય તો સૌથી વધુ લગ્નોત્સવમાં દેખાય છે. આ ફૅશનનાં જમાનામાં આપણાં સંસ્કૃતિ, સંસ્કાર, કેળવણીએ લગ્ન માંગલ્ય છે, નવા રિવાજોમાં અટવાઈ ગયાં છે. જૂની રીતભાતની જગ્યા આજે ફૅશન અને દેખાવે લઈ લીધી છે. પહેલા તો કન્યા પક્ષવાળા જમાઈને સવા રૂપિયો આપી ચાંદલાવિધિ કરતા, પણ હવે આ ફૅશનેબલ દુનિયામાં સગાઈ એટલે લગ્નનું રિમિક્સ અથવા એમ કહી શકાય કે લગ્નની રિર્હસલ, જેમ બંને પક્ષના સો-સો માણસો (કદાચ એથી પણ વધારે) એ.સી. હૉલ, એન્ગેજમેન્ટ રિંગ, એન્ગેજમેન્ટ કેક વગેરે તો ખૂબ જ જરૂરી અને હા કેટરિંગ વગર કેમ ચાલે.

આપણા સમાજમાં આ બધું ઘણી જગ્યાએ ચાલી રહ્યું છે ? લગ્ન તો બાદશાહી ઠાઠવાળાં, સગાંસંબધી, ઓળખીતા, મિત્રો ઘણાં છે, માટે નાનો હૉલ ન જોતા (ને કેટરિંગમાં) ક્યાંય કમી ન પડવા દેતા ચાઈનીઝ, પીત્ઝા, પંજાબી, સાઉથ ઈન્ડિયન વગેરે વિવિધ વાનગીઓ તો ખરી જ, પહેરામણી પણ જોરદાર હોય છે, સાથે બે-ત્રણ સોનાના સેટ, એકાદ હીરાનો સેટ દિકરીનો આપતા હોય છે ને વળી દાંડિયારાસ ને ડિસ્કો પાર્ટી વગેરે ને વળી ઢોલ, શરણાઈ અને બેન્ડ વગર કેમ મઝા પડે.

ચાર કલાકના લગ્નોત્સવ માટે ધનના ધજાગરા શા માટે કરવા ? શું લગ્ન સાદાઈથી, લિમિટેડ કુટુંબીજનોમાં ન થઈ શકે ? સો જાતની વાનગીઓ મૂકી શું વાનગીઓના શોરૂમ ખોલવા છે ? એવું તો છે નહિ કે વધુ વાનગી જોઈ વધુ ભૂખ લાગે ! તો પછી અન્નનો આટલો બગાડ. શું કામ ? સોના ને હીરાના આવા વ્યવહારો કરી શું મનદુઃખ ન થાય ? શું સંબંધોમાં મિઠાશ રહે ?

ડિસ્કોની જગ્યાએ શું ગુજરાતી સંગીત કાર્યક્રમ ન ચાલે ? ઢોલ-શરણાઈના તાલ પર રસ્તા પર નાચી તન, મન, ધનનાં પ્રદર્શન જરૂરી છે. આ બધી વસ્તુઓ થાય, પણ છોકરીના પિતાની વલે શું થાય તેની ખબર

છે? એક પ્રતિષ્ઠિત દીકરીના પિતાને ખર્ચ પોસાય, પણ મિડલ ક્લાસ કે ગરીબ ઘરની છોકરીના પિતાનું શું? આ વિચાર આજના સમાજમાં જરૂરી છે.

લગ્ન પછી સાસરિયાં કહે છે, છોકરી ભણેલી હોય તો સારું, પણ એ બહાર કામ કરવા જાય એ સારું લાગતું નથી, એ તો ઘરનું રસોડું સંભાળે, છોકરા સંભાળે અને ઘરને સ્વર્ગ બનાવે એટલું બસ!

આજે દીકરીનાં મા-બાપ પોતાની દીકરીને આટલું ભણાવે, ગણાવે, એકસ્ટ્રા ક્લાસ કરાવે એ કોના કામનું ? સાસરિયાંવાળાને જ, તો પછી સાસરિયાંના બંધન થકી એના જ્ઞાનનો વિકાસ પણ કેમ બંધ?

લગ્ન એટલે બે હૃદયનું મિલન, બે કુટુંબોનું મિલન, તો પછી લગ્ન પાછળનો બધો ખર્ચ દીકરીના પિતા પર કેમ? દીકરી પરણી ને સાસરે જાય ત્યારે મેણાં-ટોણાં કેમ? અને સંતાન ન થાય તો એના એકલીનો દોષ કેમ? વિધવા થાય તો પિયરિયાંની જ જવાબદારી કેમ? છૂટાછેડામાં એકલી છોકરીનો દોષ કેમ? ગામનો મહાજન શું ફરજ ન બજાવી શકે કે ગામની કોઈ પણ દીકરી પર ક્યારેય પણ કોઈ દુઃખ પડશે તો પ્રથમ અમે એના માવિત્ર બની તેની પડખે ઊભા રહીશું.

અને દીકરી તો પિયરિયાંમાં પારકી થાપણ કહેવાય ને સાસરિયાંમાં પારકી જણાઈ! ને એ દીકરીનું અસ્તિત્વ ક્યાં? શું આ બધાં પ્રશ્નોતરીનો વિચાર સમાજ કરશે? આ બધી પ્રશ્નોતરીનો અંત ક્યારે આવશે?

હા.... આ વ્યથાનો અંત જરૂર આવશે! જ્યારે એક સ્ત્રી જ બીજી સ્ત્રીની વ્યથા, અવસ્થા સમજશે ત્યારે જ આ વસ્તુનો અંત આવશે અને આપણો સમાજ સુશીલ, સુદ્દઢ અને સંસ્કારી બનશે! પણ જરૂર છે ફક્ત થોડાક અમલીકરણની.

આ કામ માટે વર-કન્યા બે પક્ષોની વચ્ચે ફક્ત વ્યવહાર નહિ, પણ તાલમેલ, સૂઝબૂઝ અને સમજણ વચ્ચે બે પરિવારના સંબંધોની સરગમ બને અને બંને પરિવારના સંબંધોમાં સમતા રહેશે.

સંબંધોની મસ્તીમાં રમતા હશે, સંબંધો ગમતો થશે અને આથી સંબંધોમાં સમતા વધશે ન ધરતી પર સ્વર્ગ જેવું સુખ સ્થાપિત થવામાં મદદરૂપ થશે

મો- ૯૩૨૨૨ ૨૨૪૦૦

## હસાવે અને રડાવે

જીદંગી હસાવે ત્યારે સમજવું કે સારા કર્મનું ફળ મળ્યું છે, જીંદગી રડાવે ત્યારે સમજવું કે સારા કર્મ કરવાનો સમય આવ્યો છે.

✤✤✤✤✤

## સંગત અને અગંત

સુખ વહેંચવા સંગત જોઈએ, દુઃખ વહેંચવા અંગત જોઈએ.

# Digitizing Your Important Personal Documents

ADV. VISHAL KHUSHALCHAND SONI

Digitization is process of converting information into digital that is Computer Readable format. Digital documents can be excess any where globally. Digitized data is easy to store at multiple locations which assure data safety. Paper Documents are more likely to get damaged in case of natural disasters like Earthquakes, Thunderstorms, Landslides, Fire disasters etc, whereas digitized data is more secure and easy to recover if paper document is lost. Here is some valuable advice to help you with your personal disaster recovery plan.

ã **List of Some Important Documents which can be Digitize :-**

ã **Individual Point of View Important document to be Digitize:-**

- 3 Birth Certificate
- 3 Aadhaar Card
- 3 Passport
- 3 Driver's License
- 3 Pan Card
- 3 Marriage Certificate
- 3 Insurance Policies (Life, Auto, Mediclaim, Any Other)
- 3 Property Agreements
- 3 Will & Trusts Deeds
- 3 Tax Returns (For past 5 years )
- 3 Bank accounts number and passbook
- 3 Various Investment Certificate (FD Certificate, Mutual Funds, Demat A/c Etc)
- 3 Credit Card Papers
- 3 Medical Records Files
- 3 Educational Result, Any Achievements Certificate Etc.
- 3 Any other important documents

ã **Business Owner Point of View Important document to be Digitize:-**

- 3 Articles of Incorporations
- 3 Partnership agreements
- 3 Financial Records (For Past 7 years)
- 3 Insurance Policies
- 3 Any other important business documents

ã **How to Scan Documents:-**

Documents can be scan with scanner machine, if scanner machine is not

available than with help of mobile application scanning of documents can be done. It is advisable if documents are in color, scan it in color. But if document is in black and white, scan it in black and white.

It is better to scan document in High Quality image. If possible, scan your files directly in PDF Format. Advantage of PDF files is it can be viewable and printable from every device.

ã **<u>Where to Store Scan Documents:-</u>**

There are plenty of consumer friendly file storage systems that give you access to your files from virtually any computer or device. Some Popular services include Google Drive, Drop Box, OneDrive, Amazon Cloud Drive and many more. It recommend to choose strong password that can be remember without writing it down

ã **<u>Final Note:-</u>**

Documents Scanning means that even if something happens to physical records, you will have backup of documents which will save time & money in recovery of original documents.

Village: - Bambhadai
Mobile- 9323314325.


પર્યુષણ પર્વ પ્રસંગે નવલું નજરાણુ

TRISHLA Since 1978

પ્રભાવના તથા તપસ્વીને ભેટ આપવા

૪૩ વર્ષથી ઘર ઘરમાં ગુંજતા ત્રિશલા નિર્મીત

જૈન સ્તવનો નું મ્યુજીક પ્લેયર

ત્રિશલા ભક્તિ ગુંજન




મધુર કંઠે ગવાયેલ જૈન સ્તવન, સ્તુતિ, સ્તોત્ર નો અમુલ્ય ખજાનો

- શ્રી ભક્તામર સ્તોત્ર
- રત્નાકર પચ્ચીસી
- ભાવના ગીત સંગ્રહ, અમી ઝરણા - સુપ્રસિધ જૈન સ્તવનો
- પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિઓ
- શાંતિલાલ શાહ: જૈન સ્તવનો કથાગીતો - પૂજા સંગ્રહ
- આદિનાથ - શંખેશ્વર પાર્શ્વનાથ મહાવીર સ્વામિ ના સ્તવનો
- આનંદઘનજી ચોવીસી - પદો
- પુણ્યપ્રકાશનું સ્તવન
- પ્રતિક્રમણ
- નવસ્મરણ
- સજ્ઝાય માળા
- ધૂન - મંત્ર - આત્મધૂન
- પ્રાર્થના ગીત સંગ્રહ
- શ્રી જયંતભાઈ રાહી - નવકાર જાપ
- શ્રી ઘંટાકર્ણ મહાવીર
- શ્રી માણીભદ્રવીર
- દિવાળી ચોપડા પૂજન
- સુપ્રસિધ્ધ પ્રાચીન ભજનો

સ્તવનના લીસ્ટની બુક સાથે આવશે, જેમા આપની પસંદગીના ગીત નો નંબર દબાવીને સાંભળી શકશો

પ્રભાવના - ગિફ્ટિ માટે નામ ફોટો સાથે સંપૂર્ણ વિગત પ્રીન્ટ કરીને વ્યાજબી ભાવથી મળશે

આજેજ ઓર્ડર કરો ... અને ઘર બેઠા મેળવો

TRISHLA ELECTRONICS
Tel : +91 98200 59899
HOME DELIVERY
સંપર્ક : શાંતિલાલ ગોસર ❖ ફોન : ૯૮૨૦૦ ૫૯૮૯૯
કુરીયર દ્વારા હોમ ડિલીવરી • Buy Online : www.trishlaelectronics.com

ત્રિશલાનુ ઓરીજીનલ પ્લેયર ખરીદો
ડુપ્લીકેટ પ્લેયરથી સાવધાન

Mktd By . : TRISHLA ELECTRONICS, Trishla Bldg., Zaveri Bazar, Mum- 02.

# જીવનની કરુણતા

કાંતિલાલ રતનશી ગંગર

માણસના જીવનની મોટી કરુણતા એ છે કે એને પોતાનું જ દુઃખ દેખાય છે અને બીજાનાં સુખ જ નજરે પડે છે. બીજાનું દુઃખ આપણને દેખાતું નથી. આપણુ સુખ પણ આપણને દેખાતું નથી. બીજાનાં સુખ અને આપણાં દુઃખની આપણો જાણે-અજાણે-સરખામણી કર્યા કરીએ છીએ અને દિલમાં અંજપો ભરી બેસીએ છીએ.

કોઈકે કહ્યું છે કે, માણસની જિંદગી ડુંગળી (કાંદા)ના દડા જેવી છે. એકએક પડ ઉખેળીએ છીએ અને આંખમાં આંસુ ભરાય છે. આ ડુંગળીની કચુંબર ગાંઠિયા કે ભેળ સાથે ખાવાની છે તે ખ્યાલે મોંમાં પાણી આવે છે, આ ડુંગળીનાં પતીકાંનાં ભજિયાં કરવાના વિચારે મોંમાં કલ્પનાજન્ય આસ્વાદની મધુરતા વ્યાપે છે. પણ આંખમાં અચૂક આંસુ તો આવે જ છે. આંસુ આનંદનાં પણ હોઈ શકે છે, અને શોકનાં પણ હોઈ શકે છે, આત્મઘૃણાનાં પણ હોઈ શકે છે, સહાનુભૂતિનાં પણ હોઈ શકે છે, શોકનાં પણ હોઈ શકે છે.

પણ બધી જ બાબતમાં જિંદગીની જલતત્ત્વ સાથેની સગાઈ બોલે છે; ક્યાંક હરિયાળી છે તો સુખની આ લીલીછમ બિછાતમાં આપણાં આંસુનું રોકાણ હોય છે, ક્યાંક વેરાન છે જ્યાં આસું વરાળ બનીને વરસ્યા વગર જળની એક જલતી ઝંખનારૂપે હાજર છે.

બાકી તો જિંદગીના ખારા સમુદ્ર વચ્ચે આપણે સૌ મીઠા જળના વહેણની આશા રાખીને બેઠેલા દરિયાઈ મુસાફરો જેવા છીએ. કેટલાક જિંદગીનો ખારો પાટ મીઠા પાણીની મુલાકાત થયા વિના જ પસાર કરી જાય છે. ને દરિયાઈ સફર પૂરી થઈ જાય છે ક્યાંય મીઠાં જળ મળ્યાં હોતાં નથી અને આંખ હંમેશાં માટે મીંચાઈ જાય છે. તો ક્યાંક અહીં-તહીં મીઠા પાણી મળી જાય છે.

માણસ કેટલાંય દુઃખ વેઠીને થોડું સુખ ખરીદે છે અને પછી તેને ભાન થાય છે કે સોદો ખોટનો પુરવાર થયો છે, પછી સુખના નવા નકોર વાઘામાં એ અકળાય છે અને પોતાનાં જૂનાં દુઃખ પાછાં મેળવવા માટે એ ધમપછાડા કરે છે. જિંદગીના કોઈ ને કોઈ બજારમાં રોકડા દામ પકડાવી ગયેલા પેલા ફેરિયા તેને શોધ્યા જડતા નથી અને એ માણસ પછી માથુ કુટે છે.

પસ્તી ગણીને વેચેલા કાગળમાં વિધવા માએ ગરબડિયા અક્ષરમાં લખેલો સ્નેહ-પત્ર હતો, વિદ્વાન પિતાએ છપાવવાના મોહ વગર લખેલો નાનકડો ગ્રંથ હતો, એ બધી મૂડી પસ્તીમાં ગઈ. લોકો સુખ ખરીદવા ગમે તે વેચવા તૈયાર થઈ જાય છે, પણ સોદો થઈ ગયા પછી તેને ખોટના આ ધંધાની ખબર પડે છે પણ ખબર પડે છે ત્યારે પાછા વળી શકાય તેવું હોતું નથી, કેમકે સમય પાછો ફરતો નથી.

સમાઘોઘા (પુના)
મો: ૯૩૨૫૭ ૨૫૭૭૫

# વાત છે મારી-તારી-આપણી

નવીન રાંભિયા

આપણા જીવનમાં રૂઢિપ્રયોગો અને કહેવતો વણાઈ ગયાં છે જેનો આપણા જીવનના ઘડતરમાં મહત્ત્વનો ફાળો હોય છે. આવી કહેવતો અને રૂઢિપ્રયોગો ઘણી વખત આપણા વડીલો મારફત મળતાં હોય છે, જે જીવનભર યાદ રહે છે.

હું નાનો હતો ત્રીજી ચોથીમાં- ચિંચપોકલી સ્કૂલમાં ભણતો હતો. ચિંચપોકલીમાં મારા બાપાની કરિયાણાની દુકાન. આગળ દુકાન અને પાછળ મકાન. દુકાનના આગળના ભાગમાં બે પૈસાની આવક થાય એ દૃષ્ટિએ એક દરજી બેસાડેલ. બહારનાં અને ઘરનાં કપડાં સીવી આપે. ઘરના ફાટેલ કપડા પણ થાગડથીગડ કરી આપે.

એક વખત મારા બાપાએ સ્કૂલના ખમીશમાં પાછળ મોટું થીગડું લગાવેલ ખમીશ પહેરવા આપ્યું. મેં કહ્યું કે આવું થીંગડાવાળું ખમીશ પહેરીને હું સ્કૂલમાં નહિ જાઉં, ત્યારે બાપાએ સમજાવતાં કહેલ કચ્છીમાં ''ફાટેલ કપડે અને ડુંબરે માયતરે કે કી લજ ન વને રે.'' આ વાત જીવનભર યાદ રહી જાય એવી હતી.

આજે પણ નાના-મોટાનાં કપડાં પહેરવાની નાનમ નથી લાગતી. બીજી પણ એમણે કહેલી વાત યાદ આવે છે ''માની લકાયને ખાઈજે''. આજના સંદર્ભે વાત કરી એ તો દેખાદેખી અને ભપકો બતાવવાનો વધુ પડતો મોહ જોવામાં આવે છે. સાદગીભર્યું જીવન નથી રહ્યું. પૈસાનો વેડફાટ થયા કરે છે અને ક્યારેક કહેલ ''ચમ વલો નાયં કમ વલો આય'' આ વાક્ય પણ ગીતાના સાર ''કર્મણ્યે વાધિકારસ્તે''ના વાક્યનું પ્રતિપાદન કરે છે.

- વાંદરા (વે), મો.
૯૮૬૯૩૮૩૫૦૩

# ઊર્મિલહર

સંપાદક : **વિશન નાગડા**

મિઠા,

ગ્યે મૅણે પાં 'લક' જા અરથ નૅર્યા (૧) લક = ડુંગર, (૨) લક = નશીબ ને (૩) લકભ = ઈલકાબ જૅડો વિશિષ્ટ શબ્દ પણ સિખ્યાસીં. હાણે ઈગીયા વધેનું મોર ઉથલીને 'લક' કે અજમાઈ નેર્યૂં!

(૧) લક પું. મોકો, chance

(વાક્ય) ઈ માડૂં ભુછડો આય. લક અચે તૅર ઘા કઈંધો !

(૨) લક પું. પર્વત-ડુંગરાઓમાંથી નીકળવાનો માર્ગ

(વાક્ય) હિન લક મિંજા વેંધા ત હઈયા પુજી વેંધા.

હલૉ હાણે 'લખ' તે હથ લગાઈયું.

(૩) લખ (સ્ત્રી.) - લાખ, સો હજાર (f) lakh, hundred thousand
સંસ્કૃત મિંજા નિકરલ ઈ ''લખ'' જભરો આય.

**પનપટી :** કચ્છી ભાસામેં લખ મથે કંઈક લાક્ષણિક પ્રયોગ, ચૉવક્ અઈં. તૈ મિંજા હી હિકડી : ''લખૂં ખાય તડે લખેસરી થીયે!'' (પુત્રના ઉછેર પાછળ લાખોનો ખર્ચ થાય ત્યારે એ લખપતિ થાય) અર્થાત્ સંતાનોની કેળવણી અઘરી હોય છે. દીકરા પછવાડે ખૂબ ખર્ચ થાય ત્યારે એ કમાણી કરી આપવા યોગ્ય થાય.

આય ન ઈ લાખેણી ગાલ !!

ભલેં તડેં,

જાધ કઈજા ભલા

- આંજો વિશન

---

✤ ✤ ✤ ✤ ✤

કપાતા,
વૃક્ષોમાંથી વહેતું
રુધિર
એટલે જ કોઈને
દેખાતું
નહોતું, કારણકે
એ મારી
આંખોમાથી વહેતું હતું

✤ ✤ ✤ ✤ ✤

આપણે
એને એટલી હદે એકલતાની
ટેવ
પાડી દીધી છે કે તમે હાથ
નાખશો
તોય પુસ્તકને અલમારીમાંથી
બહાર
આવવાનું મન નહીં થાય

- મણિલાલ રૂધાણી

## સાગર તોફાની

દુઃખ-દર્દથી ના ડરો
હૈયામાં સદા હિમ્મત ભરો

આજે આવ્યું કાલે જવાનો
એ સત્યને દિલથી વરો

અંધાર પછી આવે પ્રકાશ
સમજી દિલને જાગૃત કરો

આળસ-આવેશના પ્રવાહે
મૂર્ખ બની ના કદી તરો

'લઘુગોવિંદ' સાગર તોફાની
ધૈર્યથી તરી કિનારે સરો

- લઘુગોવિંદ

❖❖❖❖❖

## બને કવિતા

કોઈની જિંદગીનો સહારો બને કવિતા,
કોઈના સપનામાંથી બને હવે કવિતા.

મૌન જીવને વાચા મળે તો બને કવિતા,
જુઓ હવે કેટલીય લાગણી દેખાડે કવિતા.

થોડી વાતમાં વણસી બને કવિતા,
ને સાથ બની સ્મરણરૂપે સરકે કવિતા.

સમયનાં ઝરણાં મહીં વહે કવિતા,
ને અહીં ક્ષણેક્ષણે-પ્રસંગે રચાય કવિતા.

દિલીપ આચાર્ય 'દિલકશ'
ભુજ-કચ્છ
મો. ૯૯૨૫૪૨૬૯૮૮

## ઉલ્ઝન

*તર્જ : યહ મેરા દીવાનાપન હૈ (યહૂદી)*

શું આ પાગલપન છે ?
કે છે કોઈ અનેરો અણસાર
જો તે સમજ ના પડી તો
તે સમજ છે કસૂરવાર
દુનિયાદારીથી, દિલ છે દુઃખી
સુખ ના પામે પલ વાર
ના ફાવે અહીં સતત રટણ કરતો
તને જાવું સામે પાર.... શું આ....

મનડું તો છે મરકટ સમ
તેમાં ચંચળતા ભરી અપાર
પલમાં સંત્રી, પલમાં મંત્રી
બની કરે, વિચિત્ર વ્યવહાર... શું આ..

વાદ્ય યંત્ર એક, બે વિષમ સૂર
શું સમજવો એનો સાર ?
દુનિયાથી નાતો રાખું જોડી
કે નાખું તોડી ? છે, ઉલઝન
કહો શું કરવો નક્કર નિર્ધાર... શું આ..

- શાંતિલાલ સુરજી ગાલા
વડાલા (કચ્છ) ભાંડુપ
ફોન : ૦૨૨-૨૫૬૬ ૫૧૮૪

### ગાંઠ અને રસ

શેરડીમાં જ્યાં ગાંઠ હોય છે,
ત્યાં રસ નથી હોતો અને
જ્યાં રસ હોય છે ત્યાં ગાંઠ નથી હોતી,
જીવનમાં પણ કંઈક આવું જ છે.

# સપ્તરંગી મુક્તક

જિતે વેરજો વંજ ખુચેલ વે,
ઉતે પ્રેમજો ફુલ કીં પોખાજે ?
પ્રેમજો ફુલ ઉતેજ પોખાજે,
જિતે વલપજી વતર ડિસાજે.

✤✤✤✤✤

જડેં મૉભતજી મૂડી ખૂટી પિઈ,
તડેં અંતરમેં આગ લગી વિઈ.
ધુખાય વિધેં મૂંજે ધીંગે ધિલ કે,
વૅરણ મૂંકે મારેનેં પિઢ પણ મુઈ.

✤✤✤✤✤

જુકો કુધરત કરે સે ખરી,
હે ભાંધા ઉન લૉ તેં પૉ લરી.
છડે ડૅ તાંણ ખેંચ તૉ વારી,
નફા ઈ વૅરા પણ વેંધી વરી.

✤✤✤✤✤

ભર્યા સરોવર, ગંગાજો જલ,
તરસ્યા નીર પિયંત,
હિકડા ડીધે ડુબરા ન થીયેં ત,
બ્યા વણડીધે ભુખ મરંત.

✤✤✤✤✤

સવરા પગ જેતરા ભરાઇંને,
એતરા ધિલ ભરે ભરીંધોસેં.
પણ અવરેંજી મ ડીજ આંટી,
નકાં ભોમીતેં ભટકી વેંધોસેં.

✤✤✤✤✤

અજ માડૂ કઇક પીડાઉં ખણી ફિરેતો,
તેંકે ચંડાઈજી ચાધરસેં ઢકે હલેતો.
અંધરજા ઓબારા બાર નતો વતાય,
મિંજોમિંજ આગમેં ભાંધો ધુખી વિગેતો.

✤✤✤✤✤

કવિ જડેં અંતર જ્યું ઊર્મિયું સુણેતો,
તડેં ઈ ભાંધો હથમેં કલમકે ખણેતો.
હીંયે જે ઇન અગમ હોજમેં ડૂબી મારેને,
હીંયેજા લાખેંણા અખર હેતસેં લિખેતો

✤✤✤✤✤

નરેં માયલા નર વા, સે થિઈ વ્યા નિમાણા,
તડેં અજ બાં બીલી પણ કુપાતર સાંમાણા,
ધિલ ન રેયા હિન ધરા મથે ધીંગાઈજા,
તડેંતા કુખમેં કાતીજા હણધલ કમાણા

''અગમ''

## 'કળીથી શીખી લે'

માળીની જુઓ મહેનત ફળી, પ્રભાતે ફૂલ બની કળી.
એની સુગંધ હવામાં ભળી, દુઃખોની ગઈ પળો ટળી.
પ્રભુના એ મસ્તકે ચડી, એને એક મંજિલ મળી.
પ્રેમી ભમરાથી ક્યારે ના લડી, સમાવે અંતરે એને વળી.
જીવન આખી એ તડકે બળી, હસતી જ એ ના કદી રડી.
સંધ્યા મૃત્યુની આવી ઘડી, હસતાં હસતાં જ ખરી પડી.
કેવું જીવી ? કેટલું જીવી ? વિચારો તો ખરા ?
માણસ આ કળીથી જો શીખે જરા !

પ્રવીણ ગોગરી, દહીંસર
ફોન : ૨૮૯૫ ૩૪૫૯

## જ્ઞાન અને અભિમાન

આ સંસારમાં દરેક વ્યક્તિને પોતાના જ્ઞાનનું અભિમાન છે, પરંતુ કોઈને પોતાના અભિમાનનું જ્ઞાન નથી.

## પારખવુ અને સમજવુ

પારખવા ની કોશિશ ઘણી બધી કરી બધાએ, અફસોસ સમજવાની કોશિશ કોઈએ ના કરી.

## બાંધવા અને સાચવવા

સંબંધો ને બાંધવા ખૂબ જ સહેલા છે, પણ આ સંબંધોને સાચવવા જ અઘરા પડે છે.

# ઘટમાળ

## હેમરાજ શાહ : રાષ્ટ્ર પ્રેરણા રાષ્ટ્રીય એવૉર્ડથી સન્માનિત

**વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિ વિકાસ સંસ્થા ઇન્ડિયા અને વર્લ્ડ બુક ઑફ સ્ટાર રેકોર્ડના સંયુક્ત ઉપક્રમે**

રાષ્ટ્ર પ્રેરણારાષ્ટ્રીય એવૉર્ડ ૨૦૨૧ તેમજ આત્મનિર્ભર ભારત નૅશનલ કૉન્ફરન્સનું આયોજન ૩ ઑક્ટોબરે ઈન્દોર શહેરમાં કરાયું છે. અલગ અલગ ૨૬ રાજ્યમાંથી ૨૮ ક્ષેત્રમાં સમાજમાં મહત્ત્વનું યોગદાન આપવાવાળા ૩૧ લોકોનું રાષ્ટ્ર પ્રેરણા રાષ્ટ્રીય એવાર્ડથી સન્માન કરાશે.

દુનિયાભરમાંથી ૯ હજારથી વધુ એન્ટ્રી આવેલ હતી, તેમાં મુંબઈના ગુજરાતી, બૃહદ મુંબઈ ગુજરાતી સમાજના પ્રમુખ હેમરાજ શાહની સોશ્યલ ઍક્ટિવિસ્ટ સ્ટ તરીકે રાષ્ટ્ર પ્રેરણા રાષ્ટ્રીય એવૉર્ડ માટે પસંદગી થઈ છે. યુવાનવયે તંત્રી બનેલા હેમરાજ શાહનું નામ વર્લ્ડ રેકોર્ડ ઑફ ઇન્ડિયામાં સ્થાન પામેલ છે. તેમને મુખ્ય મંત્રી ઉદ્ધવ ઠાકરેના હસ્તે સન્માન પત્ર અને ગોલ્ડ મેડલ એનાયત થયું હતું. તેઓ ૪૧ વર્ષથી કચ્છ - શક્તિનું તંત્રીપદ સંભાળે છે, તેઓ બૃહદ મુંબઈ ગુજરાતી સમાજના ૨૫ વર્ષથી પ્રમુખસ્થાને છે. તેઓ મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળના પણ પ્રમુખ છે. તેમણે વિશ્વ ગુજરાતી સમાજનું ૨૫ વર્ષ સિનિયર ઉપ-પ્રમુખપદ પણ સંભાળ્યું છે.

# સાંત્વન

## અવસાન નોંધ

**(તા. ૧ જુલાઈ ૨૦૨૧ થી તા. ૩૧ જુલાઈ ૨૦૨૧)**

**ચક્ષુદાન : 👁 દેહ /ત્વાચાદાન : ✪ અવયવદાન : ✷**

### પ્રાર્થના રાખેલ નથી

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| રામજી ઉમરશી મુરજી નંદુ | ૫૪ | ગજોડ | ગજોડ |
| સુશીલા રવિલાલ લખમશી છેડા | ૬૪ | ટુંડા | વિક્રોલી |
| જયવંતીબેન રમણીકલાલ ડુંગરશી સતરા | ૮૧ | ગુંદાલા | મુલુંડ |
| રમેશ હીરજી કુંવરજી ધરોડ | ૬૦ | પત્રી | માટુંગા |
| કુસુમ લક્ષ્મીચંદ અરજણ વિસરિયા | ૬૭ | રતાડિયા ગણેશ | ગ્રાંટ રોડ |
| ગ. સ્વ. રમીલા દામજી શિવજી વીરા | ૬૯ | ભીંસરા | નાલાસોપારા |
| ઝવેરચંદ ગોવર હરશી ગાલા | ૮૩ | રાયણ | દુર્ગાપુર |
| શામજી મુલજી ચના શાહ | ૮૪ | મેરાવા | સાંતક્રુઝ |
| લક્ષ્મીચંદ ઉમરશી નેમશી ગાલા | ૭૭ | દેશલપુર | મુલુંડ |
| જેતબાઈ હરશી ભોજરાજ જાગાણી | ૯૧ | માપર | કાંદિવલી |
| અજય રણજિત વેલજી ફુરિયા | ૫૧ | બિદડા | કોટન ગ્રીન |
| ડૉ. ચેતન પોપટલાલ વીરજી છેડા | ૬૦ | કુંદરોડી | મુલુંડ (ઈ-પ્રાર્થના) |
| જયાબેન જાદવજી લખમશી ગોગરી | ૬૫ | ભુજપુર | મલાડ |
| ખીમજી ધારશી રાયશી ગાલા | ૭૭ | કોટડા (રોહા) | માટુંગા |
| કાંતિલાલ ખીમજી ગણપત દેઢિયા | ૮૪ | નાની ખાખર | મુલુંડ |
| ધનજી વશનજી લખમશી ગોસર | ૮૪ | ગોધરા | માટુંગા |
| સાકરબેન દામજી ખીમજી શેઢિયા | ૮૭ | વડાલા | વલસાડ |
| પ્રીયેન છોટાલાલ ઘેલા શાહ /વોરા | ૪૬ | નાંગલપુર | કાંદિવલી |
| હિતેશ મેઘજી ખીમજી ગાલા | ૪૭ | ડુમરા | ભાંડુપ |
| અ.સૌ. રંજન લક્ષ્મીચંદ ગાંગજી વિકમાણી | ૬૧ | કોટડા (રોહા) | માટુંગા |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| નિર્મળા જયંતીલાલ ગાંગજી રાંભિયા | ૬૯ | ગુંદાલા | મઝગામ (૧૩ ઉ) |
| ધનવંતીબેન(માતુશ્રી પાંચીબાઈ નાગશી કોરશી રાંભિયા રામાણિયાનાં પુત્રી) | ૭૪ | - | દહીંસર |
| કાંતિલાલ લાલજી લખમશી કારાણી | ૭૪ | મોટા લાયજા | થાણા |
| પાનબાઈ પ્રેમજી રામજી છેડા | ૮૬ | મોખા | સાંતાક્રુઝ |
| મા. કેસરબેન કલ્યાણજી ઠાકરશી કક્કા | ૮૭ | નાંગલપુર | પરેલ |
| રતનબેન મોણશી કાયા દેઢિયા | ૯૯ | ભોરારા | વિરાર |
| ચંદ્રકાંત હરશી ગડા | ૬૬ | માપર | મુલુંડ |
| દેવરાજ ડુંગરશી પુનશી ગડા | ૭૩ | સાભરાઈ | દિગ્રસ |
| અ.સૌ. ચંચળબેન ખીમજી મેઘજી દેઢિયા | ૭૪ | કાંડાગરા | થાણા |
| કસ્તૂરબેન મેઘજી હીરજી ગાલા | ૭૬ | કોટડા (રોહા) | ડોંબિવલી |
| જયંત નેણસી પાસુ સાવલા | ૭૮ | મોટી ખાખર | ચેમ્બુર |
| મેઘજી પાલણ રણશી સાવલા | ૮૨ | મોથાળા | ઘાટકોપર |
| લક્ષ્મીબેન વીરજી ઉકેડા ગાલા | ૯૪ | છસરા | ઘાટકોપર |
| ધવલ ઉત્તમ ગાંગજી લાલન | ૩૭ | કોડાય | કાંજુર માર્ગ |
| પ્રવીણચંદ્ર ઉમરશી છેડા | ૫૯ | નાના ભાડિયા | ડોંબિવલી |
| કાંતિલાલ નેણશી લખમશી દેઢિયા/શાહ | ૬૪ | ભુજપુર | ઘાટકોપર |
| ભાઈલાલ મુલચંદ હીરજી ગડા | ૭૨ | કોડાય | બીજાપુર |
| મા. ઝવેરબેન હીરજી લાલજી સોની | ૮૫ | લુણી | ડોંબિવલી |
| અ.સૌ. લતા રશ્મિન હરશી સાલિયા | ૫૭ | રતાડિયા ગણેશ | ભાંડુપ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| નરેન્દ્ર ભવાનજી વેલજી ગાલા | ૬૭ | બિદડા | લાલબાગ |
| અ.સૌ. ભદ્રા લક્ષ્મીચંદ રામજી દેઢિયા | ૬૮ | ભોરારા | કુર્લા |
| ઉમરશી લાલજી પાસુ માલદે | ૭૭ | લુણી | બોરીવલી (૨૪ ઉ) |
| મા. મંજુલાબેન હરખચંદ તેજશી ગાલા | ૭૨ | કાંડાગરા | ઘાટકોપર |
| ગં.સ્વ. રતનબેન હરિલાલ વિજપાર ફુરિયા | ૮૨ | બિદડા | ચેમ્બુર |
| મા. ઝવેરબેન લક્ષ્મીચંદ શામજી સાવલા | ૮૩ | ભીંસરા | કલવા |
| ગંગાબાઈ દેવજી ઉમરશી સાવલા | ૮૯ | નાની તુંબડી | દહીંસર |
| માતુશ્રી મણિબેન રામજી કુરપાર ગાલા | ૧૦૦ | કાંડાગરા | બોરીવલી |
| શાંતિલાલ માલશી દેવશી સંગોઈ | ૭૪ | ગુંદાલા | નાલાસોપારા |
| સુરેશ જાદવજી રવજી દેઢિયા | ૬૫ | ફરાદી | ગ્રાંટ રોડ |
| હરીશ ડુંગરશી મુરજી સાવલા | ૬૮ | ગુંદાલા | ભાઈંદર |
| ગં.સ્વ. લક્ષ્મીબેન પદમશી દના સૈયા | ૭૭ | ગેલડા | મુલુંડ |
| મા. રતનબેન પદમશી સુરજી છેડા | ૮૪ | ગજોડ | શિવડી |
| જવેરબેન નવીનચંદ્ર નાનજી મામણિયા | ૫૬ | ભચાઉ | બોરીવલી |
| પ્રભાવતી લક્ષ્મીચંદ કુંવરજી સાવલા | ૬૩ | મેરાઉ | લોઅર પરેલ |
| ચેતના છોટાલાલ નાંગશી નંદુ | ૬૭ | નાના ભાડિયા | મુલુંડ |
| નેમચંદ તલકશી લાલજી લાલન | ૭૨ | કોડાય | કોડાય |
| ઉમરશી કાનજી આસગ ગાલા | ૮૭ | બાડા | દહાણુ રોડ |
| મા. લક્ષ્મીબેન પ્રેમજી ભારમલ સંગોઈ | ૮૩ | કપાયા | ખાર |
| સુંદરબેન રામજી નાનજી દેઢિયા | ૬૨ | ગઢશીશા | ડોંબિવલી |
| ભવાનજી વિશનજી વાલજી ગડા | ૭૩ | ખારૂઆ | ઘાટકોપર |
| હીરજી કાનજી ગોવર સાવલા | ૮૦ | ભીંસરા | બોરીવલી |
| રતનશી રામજી જેઠા દેઢિયા | ૭૦ | ભોરારા | થાણા |
| દેવકાંબાઈ ગાંગજી ભારમલ લાપસિયા | ૮૬ | મોખા | નાલાસોપારા |
| રમેશ રવજી શિવજી વીરા | ૭૬ | દેશલપુર (કંઠી) | પરેલ |
| ગં.સ્વ. ભાનુમતી શાંતિલાલ વીરજી શાહ/નીસર | ૮૪ | દેશલપુર | માટુંગા |
| અ.સૌ. ચંદનબેન ચંદ્રકાંત ગોવર સાલિયા | ૬૮ | ગોધરા | કાંદિવલી |
| રમણીક નનાજી રામજી છેડા | ૭૩ | મો. આસંબિયા | મુલુંડ |
| જયેશ રામજી વિજપાર છેડા | ૮૬ | રતાડિયા ગણેશ | કાંદિવલી |
| વિરલ દિનેશ પોપટલાલ દેઢિયા | ૩૬ | ભુજપુર | ગોરેગામ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| અતુલ ગાંગજી કુરપાર છેડા | ૫૪ | ભુજપુર | પાટણ |
| ધીરજલાલ પોપટલાલ કુંવરજી નાગડા | ૬૪ | ડુમરા | ભાડુંપ |
| અ.સૌ. જ્યોતિબેન સુરેશ દેવજી છેડા | ૬૭ | મો. આસંબિયા | મુલુંડ |
| વિનોદ નવીનચંદ્ર ગોગરી | ૭૩ | કોડાય | મુલુંડ |
| ચંદ્રકાંત જીવરાજ ગોસર | ૭૬ | કોટડી (મહા.) | બોરીવલી |
| ગંગાબેન લાલજી પાલણ નંદુ | ૮૩ | નાના ભાડિયા | ચેમ્બુર |
| અંકિતા મુકેશ હીરજી ગડા | ૨૭ | પત્રી | બોરીવલી |
| જનક નેમજી લખમશી વોરા | ૪૨ | નવીનાળ | ડોંબિવલી |
| કાશ્મીરા મુકેશ ખીમજી સૈયા | ૫૦ | કારાઘોઘા | નાલાસોપારા |
| અ.સૌ. દીપ્તિ ગૌત્તમ ખીમજી મામણિયા | ૫૨ | કુંદરોડી | માટુંગા |
| હરીશ વસનજી આસુ સાવલા | ૬૩ | કોડાય | મુલુંડ |
| ખીમજી મોરારજી સાવલા | ૭૭ | નાની તુંબડી | માટુંગા |
| તારાબેન ભવાનજી લાલજી દેઢિયા | ૭૨ | ગુંદાલા | નાલાસોપારા |
| કેસરબેન ખીમજી જેઠા દેઢિયા | ૭૬ | ભોરારા | લાલબાગ |
| હરખચંદ નાગજી નરશી ગાલા | ૭૨ | લાયજા | સાંતાક્રુઝ |
| ભવાનજી નાનજી વેલજી છેડા | ૭૮ | મો. આસંબિયા | દહીંસર |
| કેસરબેન કેશવજી ખીમજી શેઠિયા | ૮૧ | લાખાપુર | વાશી |
| મા. મીઠાબેન પુનશી કાનજી દેઢિયા | ૯૦ | ગઢશીશા | માટુંગા |
| હરેશ રામજી ગાંગજી છેડા | ૬૧ | રતાડિયા ગણેશ | મુલુંડ |
| અ.સૌ. સ્મિતા હરીશ પ્રેમજી નાગડા | ૬૨ | વિઢ | વિદ્યાવિહાર |
| હરખચંદ દામજી વેલજી શેઠિયા | ૬૪ | લાખાપુર | મલાડ |
| હરખચંદ પ્રેમજી જેસંગ છેડા | ૭૨ | દેશલપુર (કંઠી) | પ્રાર્થનાસમાજ |
| અ.સૌ. અમી જિગર કિશોર સાવલા | ૩૪ | રામાણિયા | કાંદિવલી |
| સુધીર ચુનીલાલ ધનજી ગડા | ૬૧ | ચીઆસર | ચેમ્બુર |
| મેઘજી મોમરી ઘેલા વિસરિયા | ૯૧ | મોખા | ડોંબિવલી |
| મા. હીરબાઈ ગાંગજી ખીમજી નાગડા | ૯૮ | નરેડી | મુલુંડ |
| વેલજી શિવજી સત્રા | ૧૦૫ | નાના ભાડિયા | કરાડ |
| મા. ચંદનબેન જેઠાલાલ ટોકરશી રાંભિયા | ૭૮ | ગોધરા | બોરીવલી |
| લીલાવંતી જીવરાજ ખીમજી સાવલા | ૮૦ | કોડાય | ભિવંડી |
| શાંતિલાલ રવજી વિજપાર માલદે | ૮૩ | લુણી | કાંદિવલી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| ધનજી વીરજી જગશી દેઢિયા | ૮૯ | ભુજપુર | મુલુંડ |
| અ.સૌ. જયશ્રી વિજય મોણશી દેઢિયા | ૫૭ | ભોરારા | મઝગામ |
| ઠાકરશી માલશી છેડા | ૭૧ | લુણી | સાંતાક્રુઝ |
| મા. મંજુલાબેન લખમશી માવજી કેનિયા | ૮૪ | બારોઈ | ઘાટકોપર |
| મા. લક્ષ્મીબેન હીરજી તલકશી ગાલા | ૯૩ | દેવપુર | મુંબ્રા |
| અ.સૌ. રૂપલ સચીન મણિલાલ સાવલા | ૩૨ | દેશલપુર (કંઠી) | ડોંબિવલી |
| નિમેષ વસનજી ખીમજી ગાલા | ૪૫ | દેશલપુર | ઘાટકોપર |
| સમીર શામજી હીરજી ગાલા | ૫૫ | મકડા | ચેમ્બુર |
| વિજયાબેન મહેન્દ્ર નાનજી સંગોઈ | ૫૫ | કપાયા | નાલાસોપારા |
| જયાબેન લખમશી માણેક સંગોઈ | ૭૬ | પત્રી | નાલાસોપારા |
| ચંદ્રકલા જયંતીલાલ રામજી છેડા | ૬૨ | બિદડા | માટુંગા |
| મહેન્દ્ર ગાંગજી રાંભિયા | ૬૩ | રામાણિયા | મુલુંડ |
| અ.સૌ. ગીતા નવીનચંદ્ર પાસુ ગોસર | ૬૭ | વિઢ | મુલુંડ |
| મનીષા વિજપાર કેશવજી શાહ/ગાલા | ૭૩ | ભુજપુર | વિલેપાર્લા |
| શ્રીમતી લક્ષ્મીબેન હરખચંદ મોરારજી કેનિયા | ૭૧ | બારોઈ | મુલુંડ |
| વલમજી માલશી ચના મારૂ | ૭૨ | લાખાપુર | નાલાસોપારા |
| ગં.સ્વ. કસ્તૂરબેન રાઘવજી મુરજી ગડા | ૮૦ | પ્રાગપુર | વિરાર |
| શાંતિલાલ ભીમશી ખીંયશી છેડા | ૮૩ | પુનડી | ઘાટકોપર (zoom પ્રા.) |
| માવજી પુનશી રવજી દેઢિયા | ૮૩ | લુણી | કાંદિવલી |
| ગં.સ્વ. જયવંતીબેન મુરજી માણેક સાવલા | ૮૪ | બેરાજા | થાણા |
| કુ. સ્નેહા ચંપકલાલ દેવજી ગંગર | ૩૯ | નાંગલપુર | કાંદિવલી |
| કુ. વર્ષા દામજી પુનશી શાહ/રાંભિયા | ૫૪ | મો. ખાખર | મુલુંડ |
| ભુપેન્દ્ર ભવાનજી હંસરાજ ગાલા | ૬૧ | હાલાપુર | વડાલા |
| વસંત ભવાનજી કાનજી ગાલા | ૭૧ | રાયણ | ઘાટકોપર |
| મુલચંદ ગણસી પાલણ નંદુ | ૮૫ | વાંઢ | અંબરનાથ |
| | | | |
| **કાળધર્મ પામેલ છે** | | | |
| પૂ. સા. શ્રી આત્મગુણાશ્રીજી મ.સા. | ૮૪ | | |
| પ.પૂ. સાધ્વીશ્રી રયણગુણાશ્રીજી મ.સા. | ૭૮ | | |
| | | | |

**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૨

# પગદંડી

અંક : ૦૬ સપ્ટેમ્બર - ૨૦૨૧

*-: માનદ્ તંત્રીઓ :-*
**અશ્વિન માલદે, શાંતિ રાંભિયા, ચંદ્રકાન્ત નંદુ**

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**
પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ૩જે માળે,
૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪

www.kvoss.org. - email :ksevasamaj@gmail.com
મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ,
લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

**-: લવાજમ :-**
વાર્ષિક : રૂા. ૧૦૦/-, પંચ વાર્ષિક : રૂા. ૪૦૦/-
આજીવન ૧૫ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-
વિદેશ માટે અમેરિકન ડૉલર ડ્રાફટથી ત્રિવાર્ષિક : ૫૦

**ચેક/ડ્રાફટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**




**પગદંડી કમિટિ**

**અને**

**શ્રી ક.વી.ઓ. સેવા સમાજ**

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ


સંજીવની સ્વાસ્થ્ય યોજના


બુક બેંક



પગદંડી


સાંસ્કૃતિક કાર્યક્રમ



સમુહ લગ્ન





સ્ત્રી ઉત્કર્ષ લોન


શિક્ષણ લોન
કોમ્પ્યુટર લોન


ક્રિકેટ, વોલીબોલ
બાસ્કેટ બોલ, ફુટબોલ


રમતગમત


વ્યક્તિત્વ વિકાસ
વકતૃત્વ સ્પર્ધા
OUTDOOR CAMP
MEET


રહેઠાણ લોન


શૈક્ષણિક સન્માન
વિદેશ સેમીનાર
શ્રુત-ગુણ-ગૌરવ

**WPP Licence No.:- MR/Tech/WPP-215/East/2020-22**
PAGDANDI (Monthly) SEPTEMBER 2021 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Mumbai Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Postal Regd. No. MCE/251/2020-2022



# Supporting PROGRESS, Optimizing POTENTIAL.

Industry Leading Technology,
Driving Sustainable Growth.

Trusted Products,
Proven Expertise



MOLDED INDUSTRIAL PACKAGING



HOSPITAL FURNITURE PARTS



AUTOMOTIVE COMPONENTS



INFRASTRUCTURAL FURNITURE PARTS

## WELFARE ACTIVITIES:

- Reusable and Recyclable Products
- Rainwater Harvesting Systems
- Constant Quest To Find New Ways To Be More Efficient And Green
- 100% Virgin Material
- Employee Welfare Practices, Understanding Their Personal Matter And Hand-holding Them During Times Of Need
- Empowering Physically Challenged Women

Mitsu
You visualise...we mold

**Mitsu Chem Plast Ltd.**
Blow Moulding | Injection Moulding | Custom Moulding

+91 22 25920055 | sales@mitsuchem.com | www.mitsuchem.com
329, Gala Complex, Din Dayal Upadhyay Marg, Mulund (W), Mumbai - 400 080., Maharashtra, India.